# નિયામક સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ

# ગુજરાત રાજ્ય

ગૌરવ સેનાની ભવન, શાહિબાગ- એરપોર્ટ રોડ,
શાહિબાગ, અમદાવાદ- ૩૮૦ ૦૦૩
ફોન નં : ૦૭૯- ૨૨૮૬૮૩૪૮-૫૦, ફેક્ષ ૦૭૯- ૨૨૮૬૮૩૪૬
વેબ સાઇટ: www.sainikwelfare.gujarat.gov.in

## ગુજરાત રાજ્યના વતની / ડોમીસાઇલ હોય તેવા પૂર્વ સૈનિકો / દિવંગત સૈનિકોના ધર્મપત્નિઓ માટે ગુજરાત રાજ્ય સૈનિક બોર્ડ તરફથી મળતા આર્થિક સહાયના લાભો

:જીલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરીઓના સરનામા:

| કચેરીઓના સરનામા | કચેરીઓના કાર્યક્ષેત્રના જીલ્લાઓ |
|---|---|
| જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી,<br>ગૌરવ સેનાની કુમાર ભવન, ટીવી ટાવર પાછળ ,<br>બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૫૪<br>ફોન : ૦૭૯-૨૬૮૫૧૩૮૨ | અમદાવાદ, ગાંધીનગર |
| જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી,<br>સૈનિક કુમાર છાત્રાલય ભવન, છાણી રોડ,<br>વડોદરા – ૩૯૦૦૨૪. ફોન : ૦૨૬૫-૨૭૭૨૬૬૬ | વડોદરા, ખેડા, આણંદ,<br>દાહોદ, પંચમહાલ |
| જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી,<br>એ-બ્લોક, પહેલો માળ, બહુમાળી ભવન,<br>નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧. ફોન : ૦૨૬૧-૨૪૬૩૮૨૦ | સુરત, વલસાડ, ડાંગ, ભરૂચ,<br>નવસારી, નર્મદા, તાપી |
| જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી,<br>લાલ બંગલો સંકુલ, જામનગર –૩૬૧ ૦૦૧.<br>ફોન : ૦૨૮૮-૨૫૫૮૩૧૧ | જામનગર, જુનાગઢ,<br>પોરબંદર,<br>કચ્છ |
| જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી,<br>પૂર્વ સૈનિક આરામ ગૃહ, પોલીસ હેડ ક્વાર્ટર્સ સામે,<br>રૂડા કચેરી પાસે, રાજકોટ-૩૬૦ ૦૦૧. ફોન : ૦૨૮૧-૨૪૭૬૮૨૫ | રાજકોટ, સુરેન્દ્રનગર,<br>ભાવનગર, અમરેલી |
| જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી,<br>સી-બ્લોક, પ્રથમ માળ, બહુમાળી ભવન, જીલ્લા સેવા સદન,<br>સાબરકાંઠા જિલ્લો, હિંમતનગર – ૩૮૩ ૦૦૧<br>ફોન : ૦૨૭૭૨-૨૪૬૬૩૦ | મહેસાણા, બનાસકાંઠા,<br>સાબરકાંઠા, પાટણ |

# ગુજરાત રાજ્યના વતની / ડોમીસાઇલ હોય તેવા પૂર્વ સૈનિકો / દિવંગત સૈનિકોના ધર્મપત્નિઓ માટે ગુજરાત રાજ્ય સૈનિક બોર્ડ તરફથી મળતા આર્થિક સહાયના લાભો[

## માસિક આર્થિક સહાય

૧. **દિવંગત સૈનિકોના ધર્મપત્નિઓ તથા દિવંગત માતા-પિતાના સંતાનો તથા ૬૦ વર્ષથી વધુ ઉમરના પૂર્વ સૈનિકો ને માસિક આર્થિક સહાય.**

- જેઓના કુટુંબની વાર્ષિક આવક ₹.૮૪,૦૦૦/-થી વધુ નથી અને જેમને ૨૫ વર્ષથી મોટી ઉંમરનો પુત્ર નથી તેમને ₹. ૨૦૦૦/- માસિક આર્થિક સહાય આપવામાં આવે છે.
- સહાયની પાત્રતા માટે દિવંગત સૈનિકોના ધર્મપત્નિઓ તથા દિવંગત માતા-પિતાના સંતાનો ની ઉંમર ધ્યાન માં લેવાની થતી નથી. જ્યારે પૂર્વ સૈનિકોના કિસ્સામાં ઉંમર ૬૦ વર્ષ થી ઓછી ન હોવી જોઇએ.

૧(અ) **દિવંગત સૈનિકોના ધર્મપત્નિઓના સંતાનો ને માસિક નિભાવ સહાય.**

₹.૫૦૦/- સંતાન દિઠ (મહ્ત્તમ ₹. ૧૦૦૦/-) માસિક વધુમાં વધુ બે સંતાનો માટે.

૨. **અંધ અથવા માનસિક રીતે વિકલાંગ પૂર્વ સૈનિક/દિવંગત સૈનિકોના ધર્મપત્નિઓ ને સહાય.**

આવક મર્યાદા કે ૨૫ વર્ષથી વધુ ઉમરના પુત્રો હોવાની બાબતને ધ્યાને લીધા સિવાય ₹.૨૦૦૦/-માસિક સહાય

3. **બીજા વિશ્વયુધ્ધના પૂર્વ સૈનિક/ દિવંગત સૈનિકોના ધર્મપત્નિઓને માસિક નિભાવ સહાય.**

- આવક મર્યાદા કે ૨૫ વર્ષથી વધુ ઉમરના પુત્રો હોવાની બાબતને ધ્યાને લીધા સિવાય ₹. ૩૫૦૦/- માસિક સહાય
- સહાયની પાત્રતા માટે પૂર્વ સૈનિકો/ દિવંગત સૈનિકોના ધર્મપત્નિઓ જેમને સિવિલ અથવા મીલીટરી પેન્શન મળતું ન હોવુ જોઇએ તેઓને પુનર્વસવાટના અન્ય લાભો જેવા કે ખેતી માટે જમીન, પેટ્રોલ પંપ કે ગેસ એજન્સી ની ફાળવણી થઇ ન હોવી જોઇએ.

૪(અ) **લડાઇ/ઓપરેશન માં શારીરિક ક્ષતિગ્રસ્ત થયેલ પૂર્વ સૈનિકો ને માસિક નિભાવ સહાય.**

- કોઇપણ પ્રકારની આવક મર્યાદાને ધ્યાનમાં લીધા સિવાય પ્રતિ ક્ષતિગ્રસ્તતાની ટકાવારી ના ૨૦% માટે લઘુતમ માસિક ₹. ૧૨૦૦/- અને ક્ષતિગ્રસ્તતાની ટકાવારીના ૬૦% માટે મહત્તમ માસિક ₹. ૩૬૦૦/-.
- શારીરિક ક્ષતિગ્રસ્ત પૂર્વ સૈનિકોના અવસાન બાદ તેમના ધર્મપત્નિઓ ને ઉપરોક્ત સહાય ચાલુ રહેશે.

૪(બ) **મીલીટરીની ફરજને આધારિત ગણાતા કારણોસર શારીરિક ક્ષતિગ્રસ્ત થયેલ પૂર્વ સૈનિકો ને માસિક નિભાવ સહાય.**

- કોઇપણ પ્રકારની આવક મર્યાદાને ધ્યાનમાં લીધા સિવાય પ્રતિ ક્ષતિગ્રસ્તતાની ટકાવારીના ૫૦% માટે લધુત્તમ ₹. ૧૦૦૦/- અને ક્ષતિગ્રસ્તતાની ટકાવારીના ૧૦૦% માટે મહ્ત્તમ ₹. ૨૦૦૦/- માસિક.
- સહાયની પાત્રતા માટે પૂર્વ સૈનિકો/ દિવંગત સૈનિકોના ધર્મપત્નિઓ જેમને સિવિલ અથવા મીલીટરી પેન્શન મળતું ન હોવુ જોઇએ તેઓને પુનર્વસવાટના અન્ય લાભો જેવા કે ખેતી માટે જમીન, પેટ્રોલ પંપ કે ગેસ એજન્સીની ફાળવણી થઇ ન હોવી જોઇએ.
- શારીરિક ક્ષતિગ્રસ્ત પૂર્વ સૈનિકના અવસાન બાદ તેમના ધર્મપત્નિ ને ઉપરોક્ત સહાય ચાલુ રહેશે.

૪(ક) **મીલીટરી નોકરીને આધારિત ગણાતા ન હોય એવા કારણોસર શારિરીક ક્ષતિગ્રસ્ત પૂર્વ સૈનિકને માસિક નિભાવ સહાય.**

- જેઓની શારિરીક ક્ષતિગ્રસ્તતા ૧૦૦% છે, તેવા પૂર્વ સૈનિકો/ દિવંગત સૈનિકોના ધર્મપત્નિઓને ₹. ૨૦૦૦/- માસિક આર્થિક સહાય આપવામાં આવે છે.

- સહાયની પાત્રતા માટે પૂર્વ સૈનિકો/ દિવંગત સૈનિકોના ધર્મપત્નિઓ જેમને સિવિલ અથવા મીલીટરી પેન્શન મળતું ન હોવુ જોઇએ તેઓને પુનર્વસવાટના અન્ય લાભો જેવા કે ખેતી માટે જમીન, પેટ્રોલ પંપ કે ગેસ એજન્સી ની ફાળવણી થઇ ન હોવી જોઇએ.

**ઉચ્ચક આર્થિક સહાય**

૫. **પૂર્વ સૈનિકો/ દિવંગત સૈનિકોના ધર્મપત્નિઓને પુત્રીના લગ્ન માટે સહાય.**

(અ) દિવંગત સૈનિકો અને દિવંગત અધિકારીઓના ધર્મપત્નિઓને પુત્રીના લગ્ન માટે ₹. ૨૦,૦૦૦/-(મહત્તમ ₹. ૪૦,૦૦૦/-બે પુત્રીઓ માટે) સહાય કોઇપણ પ્રકારની આવક મર્યાદાને ધ્યાનમાં લીધા સિવાય આપવામાં આવે છે.

(બ) પૂર્વ સૈનિકોને પુત્રીના લગ્ન માટે ₹. ૧૫,૦૦૦/- (મહત્તમ ₹. ૩૦,૦૦૦/ બે પુત્રીઓ માટે) સહાય કોઇપણ પ્રકારની આવક મર્યાદાને ધ્યાનમાં લીધા સિવાય આપવામાં આવે છે.

૬. **પૂર્વ સૈનિકો/દિવંગત સૈનિકોના ધર્મપત્નિઓ (જેમને સીવિલ/મીલીટરી પેન્શન મળતુ ન હોય)ને ગંભીર રોગોની સારવાર માટે આર્થિક સહાય**

- ગંભીર રોગો ( કેન્સર, હૃદય રોગ અને કિડની બદલવા/પ્રત્યારોપણ માટે) ની સારવાર સહાય કેન્દ્રીય સૈનિક બોર્ડ પાસેથી લીધા બાદ વધુ લંબાયેલ સારવારના કિસ્સામાં પૂર્વ સૈનિક/ દિવંગત સૈનિકોના ધર્મપત્નિઓ જેઓ સિવિલ અથવા મીલીટરી પેન્શન મેળવતા ન હોય, તેઓને કુલ સારવાર ખર્ચનાં **૭૫% અને ૯૫%** અનુક્રમે અધિકારીઓ અને અધિકારીથી નીચેની કક્ષાના પૂર્વ સૈનિકોને ₹.૧,૦૦,૦૦૦/- સુધીની મહત્તમ મર્યાદામાં કોઇ પણ પ્રકારની આવક મર્યાદાને ધ્યાને લીધા સિવાય આપવામાં આવે છે.

૭. **દિવંગત સૈનિકોના ધર્મપત્નિઓને મકાન માટેની ઉચ્ચક સહાય.**

- દિવંગત સૈનિકોના ધર્મપત્નિઓને કે જેમના પતિનું અવસાન કોઇપણ કારણથી સશસ્ત્ર સેનાઓમાં ચાલુ સેવા દરમ્યાન થયું હોય તેમને કોઇપણ પ્રકારની આવક મર્યાદાને ધ્યાનમાં લીધા ₹.૫૦,૦૦૦/- ની સહાય મકાન બનાવવા કે ખરીદવા કે તે હેતુ માટે જમીન ખરીદવા કે મકાનની મરામત કરાવવા કે મકાનમાં સુધારા વધારા કરવા માટે આપવામાં આવે છે.
- સહાયની પાત્રતા માટે મકાન કે મકાન માટેનો પ્લોટ દિવંગત સૈનિકોના ધર્મપત્નિઓના નામનો હોવો જોઇએ.
- આ સહાય તા.૨૭/૧૦/૨૦૦૫ અને ત્યાર પછી ચાલુ સેવામાં અવસાન પામતા દિવંગત સૈનિકોના ધર્મપત્નિઓને મળવા પાત્ર છે. આ સહાય મેળવવા સૈનિકના અવસાન થયાના પાંચ વર્ષના સમય ગાળામાં અરજી કરવાની રહેશે. નિયત સમય મર્યાદા પછી આ સહાય મળવા પાત્ર થશે નહી.

૮. **પૂર્વ સૈનિકો / દિવંગત સૈનિકોના ધર્મપત્નિઓના અંતિમ સંસ્કાર કરવા સહાય.**

₹. ૫૦૦૦/-ની સહાય કોઇપણ પ્રકારની આવક મર્યાદા ધ્યાને લીધા સિવાય.

૯. **પૂર્વ સૈનિકો / દિવંગત સૈનિકોના ધર્મપત્નિઓના સંતાનો માટે શિષ્યવૃતી**

**દિવંગત સૈનિકોના ધર્મપત્નિઓ**ના બે સંતાનો માટે કોઇપણ પ્રકારની **આવક મર્યાદાને ધ્યાનમાં લીધા સિવાય** શિષ્યવૃતી આપવામાં આવે છે. જ્યારે **પૂર્વ સૈનિકો** માટે જેઓની **વાર્ષિક આવક** ₹. ૨,૦૦,૦૦૦/- થી નીચે હોય તેમના બે સંતાનોને નીચે મુજબના શિષ્યવૃતી આપવામાં આવે છે.

| **શિષ્યવૃત્તિ / સ્ટાઈપેંડ** | શિષ્યવૃત્તિ/સ્ટાઈપેન્ડના દર |
|---|---|
| શાળાના ધોરણ ૧ થી ૧૦ ના વર્ગો | ₹. ૧૮૦૦/- |
| શાળાના ધોરણ ૧૧, ૧૨ ના વર્ગો તથા પી.ટી.સી. | ₹. ૨૪૦૦/- |
| તમામ પ્રકારના ગ્રેજ્યુએશન અને પોસ્ટ ગ્રેજ્યુએશન કોર્ષ જેવા કે | ₹. ૩૬૦૦/- |

| | |
|---|---|
| આટર્સ, કોમર્સ, સાયન્સ, બી.સી.એ, કાયદાકીય અભ્યાસક્રમ તથા ટેકનિકલ (પોલિટેકનિક) અને ફાર્મસી સિવાયના તમામ પ્રકારના ડિપ્લોમા અને પોસ્ટ ડિગ્રી ડિપ્લોમા કોર્ષ. | |
| એક વર્ષ અને તેથી વધુ સમયગાળાના આઇ.ટી.આઇ કોર્સ માટે નું સ્ટાઇપેન્ડ | ₹. ૪૨૦૦/- |
| તમામ ટેકનિકલ (પોલિટેકનિક) અને ફાર્મસી ડિપ્લોમા કોર્સ કે જે ૧ વર્ષ અને તેથી વધુ સમયગાળાના હોય. | ₹. ૪૮૦૦/- |
| તમામ ગ્રેજ્યુએશન/ પોસ્ટ ગ્રેજ્યુએશન અને ડૉકટરેટ ડિગ્રી કોર્સ (એન્જિનિયરિંગ, મેડિકલ, આયુર્વેદિક, ડેન્ટલ, હોમીયોપેથીક, વેટરનરી અને ફાર્મસી તેમજ એમ.સી.એ., એમ.બી.એ. બી.એડ. અને એમ.એડ | ₹. ૬૦૦૦/- |

| હોશિયાર વિદ્યાર્થીને શિષ્યવૃત્તિ ઉપરાંત પ્રોત્સાહન ઇનામ | | |
|---|---|---|
| ૧ | એસ.એસ.સી / .પી.ટી.સી/ .આઈ .ટી .આઈ. | ₹. ૩૫૦/-<br>૭૦% અને વધુ માર્કસ મેળવનાર સંતાન માટે |
| ૨ | એચ.એસ.સી. | ₹. ૪૫૦/-<br>૭૦% અને વધુ માર્કસ મેળવનાર સંતાન માટે |
| ૩ | એક વર્ષ અને તેથી વધુ સમયગાળાના તમામ ટેકનીકલ(પોલીટેકનીક) ડિપ્લોમા અને ફાર્મસી ડિપ્લોમા કોર્ષના આખરી વર્ષની પરીક્ષા | ₹. ૬૫૦/-<br>૭૦% અને વધુ માર્કસ મેળવનાર સંતાન માટે |
| ૪ | બીસીએ તથા આર્ટસ, કોમર્સ, સાયંન્સ, લો (કાયદાકીય અભ્યાસક્રમ)ના તમામ પ્રકાર ના ગ્રેજ્યુએશન કોર્ષ,ટેકનીકલ(પોલીટેકનીક) અને ફાર્મસી ડિપ્લોમા સિવાયના એક વર્ષ અને તેથી વધુ સમયગાળાના અન્ય તમામ પ્રકારના ડિપ્લોમા અને પોસ્ટ ડિગ્રી ડિપ્લોમા કોર્ષના આખરી વર્ષની પરીક્ષા | ₹. ૮૫૦/-<br>૬૦% અને વધુ માર્કસ મેળવનાર સંતાન માટે |
| ૫ | એમસીએ, એમબીએ અને એંજીનીયરીંગ,મેડીકલ,આયુર્વેદીક, ડેંટલ,હોમિયોપેથીક, વેટરનરી, ફાર્મસીના તમામ ગ્રેજ્યુએશન/પોસ્ટ ગ્રેજ્યુએશન અને ડોકટરેટ ડિગ્રી કોર્ષ તથા શૈક્ષણિક તાલીમ (બી.એડ./ એમ.એડ.) કોર્ષ અને તમામ પોસ્ટ ગ્રેજ્યુએશન ડિગ્રી કોર્ષના આખરી વર્ષની પરીક્ષા | ₹. ૧૨૫૦/-<br>૬૦% અને વધુ માર્કસ મેળવનાર સંતાન માટે |

| છાત્રાલય ખર્ચનું વળતર | | | | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | અભ્યાસક્રમ | રહેવા-જમવાના ખર્ચ ના ૭૫% વાસ્તવીક ખર્ચની રકમ અથવા નીચેની રકમ બેમાંથી જે ઓછી હોયતે (રકમ રૂપિયામાં) | | રહેવાની અંગત વ્યવસ્થા કરનાર વિધ્યાર્થીઓ માટે નીચેની રકમ (રકમ રૂપિયામાં) | |
| | | દિકરાઓ માટે | દિકરીઓ માટે | દિકરાઓ માટે | દિકરીઓ માટે |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | આઇ.ટી.આઇ., ટેકનીકલ (પોલીટેકનીક) ડિપ્લોમા અને ફાર્મસી ડિપ્લોમા કોર્ષ | ₹.૩૦૦૦/- | ₹.૬૦૦૦/- | ₹.૧૮૦૦/- | ₹.૩૬૦૦/- |
| ૨ | તમામ ગ્રેજ્યુએશન/પોસ્ટ ગ્રેજ્યુએશન અને ડોકટરેટ ડિગ્રી કોર્ષ (એન્જીનીયરીંગ, મેડીકલ, આયુર્વેદીક, ડેન્ટલ, હોમિયોપેથીક, વેટરનરી, ફાર્મસીના તેમજ એમસીએ, એમબીએ., બી.એડ., એમ.એડ.) | ₹.૪૮૦૦/- | ₹.૯૬૦૦/- | ₹.૨૪૦૦/- | ₹.૪૮૦૦/- |

## પાત્રતાના સામાન્ય નિયમો

### સ્કોલરશીપ /સ્ટાઇપેન્ડ /કેશ એવાર્ડની રકમ માટેના નિયમો

1. આવક મર્યાદા :

- દિવંગત સૈનિકો /અધિકારીઓના સંતાનો માટે કોઇ પણ પ્રકારની આવક મર્યાદા રાખવામાં આવેલ નથી.
- પૂર્વ સૈનિકો જેમની વાર્ષિક આવક રૂ. બે લાખ થી નીચે હોય તેઓના સંતાનો સ્કોલરશીપ /સ્ટાઇપેન્ડ /કેશ એવાર્ડની રકમ મેળવવા માટે પાત્ર છે.

2. પોતાના સંતાને આગળના અભ્યાસક્રમમાં પ્રવેશ લીધાના **૪૫ દિવસની અંદર** શિષ્યવૃત્તીની અરજી સંબંધિત જિ.સૈ.ક .અને પુ .કચેરીમાં જમા કરવાની રહેશે .સમય મર્યાદા બાદ મળેલ અરજી જિ.સૈ.ક .અને પુ. કચેરીના સ્તરે દફતરે કરાશે.
3. સ્કોલરશીપ ફોર્મની ચકાસણી જિ.સૈ.ક .અને પુ .કચેરીના સ્તરે કરતી વખતે ધ્યાનમાં આવેલ ત્રુટીઓ ની અરજદારને જાણ કરાતાં તેની **પુર્તતા ૩૦ દિવસમાં** કરી ફરીથી અરજી ફોર્મ જિ.સૈ.ક .અને પુ .કચેરીમાં જમા કરવાનુ રહેશે .સમય મર્યાદામાં ત્રુટીઓની પુર્તતા ન કરવામાં આવે તો જિ.સૈ.ક .અને પુ .કચેરીના સ્તરે અરજી ફોર્મ રદ બાતલ ઠરશે.
4. પૂર્વસૈનિક/દિવંગત સૈનિકના ધર્મપત્ની જો ગુજરાતના વતની ન હોય તો દશ વર્ષથી ગુજરાતમાં વસવાટ કરતા હોવાનુ ડોમીસાઇલ પ્રમાણપત્ર સક્ષમ અધિકારી તરફથી મેળવી સામેલ કરવું .સક્ષમ અધિકારીએ ડોમીસાઈલ આપ્યાની તારીખથી માજી સૈનિક રાજ્ય સૈનિક બોર્ડની સહાય મેળવવાને પાત્ર ઠરે છે .ડોમીસાઈલ પ્રમાણપત્ર મેળવવાથી પૂર્વ સૈનિક આવા પ્રમાણપત્ર મેળવ્યા અગાઉના સમયથી સહાય મેળવવાને પાત્ર થતા નથી.
5. ડોમીસાઈલ સર્ટીફીકેઈટ માજીસૈનિક/સ્વ.માજીસૈનિકના ધર્મપત્નીના નામનું હોવુ જોઈએ . સંતાનના ડોમીસાઈલ પ્રમાણ પત્રના આધારે સ્કોલરશીપ મળવા પાત્ર થતી નથી.
6. શિષ્યવૃત્તી પૂર્વસૈનિકો/દિવંગત સૈનિકો/દિવંગત અધિકારીશ્રીના ધર્મપત્નીના પ્રથમ બે ક્રમના સંતાનો પુરતી મર્યાદિત છે. અગર પ્રથમ બે ક્રમના સંતાનોએ ભણી લીધુ હોય કે ભણવાનુ છોડી દિધુ હોય તો પણ પૂર્વ સૈનિકો /દિવંગત સૈનિકોના ધર્મપત્નીના ત્રીજા અને તે પછીના ક્રમના સંતાનને શિષ્યવૃત્તી મળવા પાત્ર થતી નથી .
7. ફોર્મમાં માંગેલી પુરેપુરી વિગતો દરેક કોલમમાં ભરવી .અધુરી વિગતો કે અધુરા પ્રમાણપત્ર સાથે આવેલ ફોર્મ માન્ય રાખવામાં આવશે નહીં.
8. શાળાઓ શિક્ષણ બોર્ડને માન્ય હોવી જોઇએ
9. ડિપ્લોમા ટેકનીકલ અભ્યાસક્રમ આપતી પોલીટેકનીક /સંસ્થા ટેકનિકલ શિક્ષણ બોર્ડ માન્ય અથવા યુનિવર્સિટી સાથે સંલગ્ન હોવી જોઇએ.સ્નાતક /અનુસ્નાતક અભ્યાસક્રમ આપતી કોલેજ ભારતની કોઇ પણ યુનિવર્સિટી સાથે સલગ્ન હોવી જોઇએ

10. સ્કોલરશીપના નાણાં પૂર્વ સૈનિકો /દિવંગત સૈનિકના ધર્મપત્નીઓને તેઓની બેંકના ખાતામાં જમાં કરાવવામાં આવશે.

**11. <u>હોસ્ટેલ ચાર્જની રકમ મેળવવા માટે :</u>**

- સ્કોલરશીપના ફાર્મની સાથેજ, હોસ્ટેલ ચાર્જ મેળવવાની અરજી સામેલ કરવાની રહેશે.
- ડીપ્લોમા કે ડિગ્રી એન્જીનીયરીંગ કોર્સ, મેડીકલ, ડેન્ટલ, આર્યુવેદીક, હોમીઓપેથી કે એમ.બી.એ .જેવા અભ્યાસ ક્રમોમાં બહાર ગામ રહી અભ્યાસ કરતા સંતાનોને હોસ્ટેલ ચાર્જ મળવાપાત્ર થશે .આ સિવાયના અભ્યાસક્રમ માટે હોસ્ટેલ ચાર્જ મળવાપાત્ર થતો નથી.
- વેકેશન સિવાયના છાત્રાલયના રહેંણાક માટે ફકત રહેઠાણ ફી તથા જમવાના બિલ નો સમાવેશ હોસ્ટેલ ચાર્જમાં કરવામાં આવશે) .જેમાં જીમખાના ફી, લાયબ્રેરી ફી તથા અન્ય કોઇ પણ પ્રકારની ઇતર પ્રવૃત્તિ ફીનો સમાવેશ કરવામાં આવશે નહીં(.
- એવા વિધાર્થીઓ કે જેમનો અભ્યાસ પુરો થઈ ગયો છે તેઓના વાલી સબંધીત શૈક્ષણીક વર્ષની પરીક્ષા પાસ કર્યાનુ પરીણામ જાહેર થયા બાદ હોસ્ટેલ ચાર્જની રકમ મેળવવાની અલગથી અરજી જમા કરાવી શકશે.

## <u>અરજી અને સાથે જોડવાના કાગળોની વિગત</u>

1. અરજદારની નિયત ફોર્મમાં પોતાના સંતાનો માટે શિષ્યવુત્તિની અરજી.
2. મૂળ ગુજરાતના વતની ન હોય તેવા પર પ્રાન્તમાંથી ગુજરાતના ડોમીસાઇલ બનેલા અરજદારે સક્ષમ અધિકારી પાસેથી મેળવેલ ડોમીસાઇલ પ્રમાણપત્ર. (અરજદારના ડોમીસાઈલ પ્રમાણપત્રથી વિધીવત્ત ડોમીસાઈલ બને તે તારીખથી તેને સહાય મળવા પાત્ર થશે. ડોમીસાઈલ મળતા અરજદાર પ્રાશ્યાત અસરથી સહાય કે લાભ મેળવવા પાત્ર થતો નથી).
3. ગત વર્ષમાં પાસ કરેલ પરીક્ષાની પ્રમણીત કરેલ ઝેરોક્ષ નકલ .જેમાં સેમેસ્ટર પધ્ધતી હોય તેમાં ગયા બે સેમેસ્ટર પાસ કર્યાની માર્કશીટ અથવા પ્રમાણ પત્ર જોડવાનુ રહેશે.
4. સરકારી /અર્ધ સરકારી /ખાનગી સંસ્થામાં નોકરી કરતા માજી સૈનિકોએ નોકરી દાતા પાસેથી ૧લી એપ્રીલ થી ૩૧ માર્ચ સુધીનુ સબંધીત નાણાકીય વર્ષનુ પગાર/ભથ્થાની વિગત સાથેનુ આવકનુ પ્રમાણ પત્ર જોડવાનુ રહેશે.
5. સરકારી /અર્ધ સરકારી /ખાનગી સંસ્થામાં નોકરી કરતા પૂર્વ સૈનિકોએ નોકરી દાતા પાસેથી તેઓના કોઇ પણ સંતાનના અભ્યાસ માટે કોઇ પણ પ્રકારની સ્કોલરશીપ આપવામાં ન આવતી હોવાનુ પ્રમાણ પત્ર જોડવાનુ રહેશે .અગર બીજી શિષ્યવૃત્તી મળતી હોયતો તે બાદ કરીને બાકીની રકમની જિ.સૈ.ક .અને પુ .કચેરી દ્વારા ભલામણ કરવાની રહેશે.
6. નોકરી કરતાં ન હોય તેવા પૂર્વ સૈનિકોએ પોતે નોકરી કરતા ન હોવાનુ બાંહેધરી પત્રક રજુ કરવુ
7. નોકરી કરતાં ન હોય તેવા પૂર્વ સૈનિકોએ ગત નાણાંકીય વર્ષની પેન્શન ઉપરાંતની આવક જેવીકે ખેતી, ભાડા ની, સ્વરોજગારની કે અન્ય આવકનુ પ્રમાણપત્ર ગ્રામ્ય વિસ્તારના અરજદારોએ સરપંચ કે તલાટી પાસેથી , શહેરી વિસ્તારના અરજદારોએ પંચાયત , નગર પાલીકા કે મામલતદાર પાસેથી મેળવી શિષ્યવૃત્તીના ફોર્મ સાથે જોડવુ.
8. અરજી ફોર્મમાં બધી આવકની વિગત ભરી કુલ આવકનો ફોર્મમાં દર્શાવેલ કોલમમાં ભરવાની રહેશે.
9. જે અરજદાર પેન્શન મેળવતાં હોય તેઓએ પેન્શનનું પ્રમાણપત્ર નાણાંકીય વર્ષ ૧લી એપ્રિલ.થી ૩૧મી માર્ચ સુધીનું પેન્શન આપનાર બેન્ક કે તિજોરી કચેરી પાસેથી મેળવી સામેલ રાખવું.

10. પ્રચલીત ન હોય તેવી નવી ખુલેલી કોલેજ/સંસ્થાઓમાં અભ્યાસ કરતા સંતાનોના વાલીઓએ ડિપ્લોમા ટેકનીકલ અભ્યાસક્રમ આપતી પોલીટેકનીક/સંસ્થા, ટેકનિકલ શિક્ષણ બોર્ડ માન્ય હોવાનુ કે સ્નાતક /અનુસ્નાતક અભ્યાસક્રમ આપતી કોલેજ યુનિવર્સિટી સાથે સલગ્ન હોવાનુ પ્રમાણપત્ર જોડવુ.

11. **હોસ્ટેલ ચાર્જની રકમ મેળવવા માટે:** વિદ્યાર્થી હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરેછે કે હોસ્ટેલમાં પ્રવેશ ન મળવાથી કે સંસ્થામાં હોસ્ટેલની સગવડતા નહોવાથી પોતાની રીતે વ્યવસ્થા કરીને રહે છે તે બાબતનો પ્રિન્સીપાલશ્રીનો દાખલો.

## સૈનિક કુમાર છાત્રાલય/કુમાર ભવન અને ગૌરવ સેનાની ભવન/સૈનિક આરામગૃહ

- **સૈનિક કુમાર છાત્રાલય / કુમાર ભવન**

ગુજરાતના સેવારત અને સેવા નિવૃત્ત સૈનિકોના સંતાનો માટે નિ:શુલ્ક રહેવાની તથા રીયાયતી દરે ભોજનની વ્યવસ્થા નીચે મુજબ કરવામાં આવેલ છે :

- સૈનિક કુમાર છાત્રાલય, છાણી રોડ, વડોદરા ખાતે શાળા, કોલેજ માં અભ્યાસ કરતાં ૨૦ વિધાર્થીઓ માટે.
- સૈનિક કુમાર ભવન, બોડકદેવ, અમદાવાદ ખાતે શાળા, કોલેજ માં અભ્યાસ કરતાં ૩૦ વિધાર્થીઓ માટે.

- **ગૌરવ સેનાની ભવન/સૈનિક આરામગૃહ**

પૂર્વ સૈનિકો તેમજ તેઓના પરીવારના કોઇપણ સભ્ય (ઇ.સી.એચ.એસ. સ્કીમમાં સમાવેશ થયેલ) ને હોસ્પીટલ માં દાખલ કરવામાં આવે ત્યારે વિજળી વપરાશના વાસ્તવીક બીલની રકમ સિવાય નિ:શુલ્ક દરે આવાસની સગવડ આપવામાં આવશે. આ સિવાય અન્ય રોકાણ માટે નીચે મુજબની વ્યવસ્થા ઉપલબ્ધ છે.:

- શાહીબાગ આમદાવાદ ખાતે આવેલા ગૌરવ સેનાની ભવનમાં અધિકારીઓ અને તેથી નીચેની કક્ષાના ૩૧ પૂર્વ સૈનિકો માટે ટુકા રોકાણ માટે અદ્યતન રૂમોની સગવડતા છે.
- સૈનિક આરામગૃહ, રાજકોટ ખાતે અધિકારીથી નીચેની કક્ષાના આઠ પૂર્વ સૈનિકો માટે રહેવાની સગવડતા છે.
- સૈનિક આરામગૃહ, વડોદરા ખાતે અધિકારીથી નીચેની કક્ષાના સાત પૂર્વ સૈનિકો માટે રહેવાની સગવડતા છે.

### ગૌરવ સેનાની ભવન, શાહીબાગ, અમદાવાદ

શાહીબાગ-એરપોર્ટ રોડ પર, કેમ્પ હનુમાન બસ સ્ટોપની સામે અને બ્રાંન્ચ રીક્રુટમેન્ટ ઓફીસ નજીક આવેલ આ ભવનથી અમદાવાદ ઇસીએએસએચ પોલીક્લીનીક, અમદાવાદ સીએસડી ડીપો ઉપરાંત, મીલીટરી હોસ્પીટલ અને ગોલ્ડન કટાર ડિવીઝનની સીએસડી કેંન્ટીન ઘણા નજીકમાં આવેલા છે.ગૌરવ સેનાની ભવનનુ અંતર અલગ-અલગ જગ્યાઓથી નીચે મુજબ છે:

- સી.એસ.ડી. ડિપો, અમદાવાદ – ૨.૨ કિ.મી.
- ઇ.સી.એસ.એચ. પોલીક્લીનીક. અમદાવાદ – ૨.૪ કિ.મી.
- એર પોર્ટ, અમદાવાદ - ૩.૪ કિ.મી.
- રેલ્વે સ્ટેશન,કાળુપુર - ૫.૨ કિ.મી.
- એસ.ટી. બસ સ્ટેન્ડ, ગીતા મંદીર - ૭.૪ કિ.મી.

**સારવાર માટે ફાળવણીની અગ્રતા :** પૂર્વ સૈનિકો અથવા ઇ.સી.એચ.એસ .સ્કીમમાં સમાવેશ થયેલ તેઓના પરીવારના કોઇપણ સભ્યને સારવાર માટે હોસ્પીટલમાં દાખલ કરવામાં આવેલ હોય અથવા ડાયાલીસ જેવી સારવાર હેઠળ હોય ત્યારે ઇ.સી.એચ.એસ .સ્કીમમાં સમાવેશ થયેલ પૂર્વ સૈનિકો કે તેઓના પરીવારના કોઇપણ સભ્યને ભવનમાં કોટેજની સગવડ નિ:શુલ્ક આપવામાં આવશે.અગર કોટેજની ફાળવણી અન્ય પૂર્વ સૈનિકને થયેલ હોય તો ,ભવનના બીજા રૂમની ફાળવણી સારવાર હેતુ ૫૦% ના રીયાયત દરે કરવામાં આવશે .

**પૂર્વ સૈનિકની હાજરી સિવાય પરીવારના સભ્યોને પણ આવાસની ફાળવણી થશે.:** પૂર્વ સૈનિકોના (માતા-પિતા, પૂત્રી કે પૂત્ર) પરીવારના આ સભ્ય આવક અથવા ઉમરના કારણે આશ્રીતની વ્યાખ્યામાં ન આવતા હોય તો પણ પૂર્વ સૈનિકના પરીવારના આવા સભ્યોને પણ આવાસની ફાળવણી કરી શકાશે, આ માટે પૂર્વ સૈનિકે પરીવારના આવા સભ્યો તેઓના માતા-પિતા, પૂત્રી કે પૂત્ર હોવાની લેખીત જાણ કરવાની રહેશે. આવી સગવડ મેળવવા પૂર્વ સૈનિકના પરિવારના સભ્ય સાથે પૂર્વ સૈનિકોએ સ્વયં હાજર રહેવુ જરુરી નથી.

**પૂર્વ સૈનિકના પૂત્ર/પૂત્રીના લગ્ન પ્રસંગે આવેલા મહેમાનો માટે આવાસની ફાળવણી થશે**.: પૂર્વ સૈનિકોને અને દિવંગત સૈનિકોના પત્નિઓને તેઓની પૂત્રી અથવા પૂત્રના લગ્ન પ્રસંગે આવેલા તેઓના મહેમાનો માટે આવાસની સગવડ પૂર્વ સૈનિકની રેંન્કને આધારીત નિયત ઠરાવેલ આવાસ /ગેસ્ટ રૂમની સગવડ મેળવવાને પાત્ર થશે .આવી સગવડ મેળવવા મહેમાનો સાથે પૂર્વ સૈનિકોએ સ્વયં હાજર રહેવુ જરુરી નથી.

**આવાસ / રૂમની વિગત અને દર:** સેવા નિવૃતી વખતની રેન્કના આધારે રૂમની ફાળવણી, રૂમ સામે દર્શાવેલ દરથી કરવામાં આવશે:

| | | |
|---|---|---|
| (૧) | કોટેજ (સારવાર હેતુના રોકાણ માટે) | : નિ:શુલ્ક |
| (૨) | ડોરમેટ્રી રુમ એસ.આર.૩૦૭ (એર કુલ્ડ પાંચ પલંગ) | : ₹. ૧૫/- (પલંગ દીઠ) |
| (૩) | જી.આર.૩૧૧અને ૩૧૨(એર કુલ્ડ ત્રણ પલંગ) | : ₹. ૨૦/- (પલંગ દીઠ) |
| (૪) | જી.આર.૩૦૮,૩૦૯,૩૧૦ (એર કુલ્ડ ડબલ બેડ) | : ₹. ૫૦/- (રુમનો ચાર્જ) |
| (૫) | જી.આર.૩૦૪, ૩૦૫ અને ૩૦૬ (એર કુલ્ડ ડબલ બેડ) | : ₹. ૬૦/- (રુમનો ચાર્જ) |
| (૬) | જી.આર.૧૦૨ અને ૧૦૩ (એસી ડબલ બેડ) | : ₹. ૮૦/- (રુમનો ચાર્જ) |
| (૭) | જી.આર.૧૦૧ (એસી ડબલ બેડ) | : ₹. ૧૦૦/- (રુમનો ચાર્જ) |

ગૌરવ સેનાની ભવન માટે આ આવાસના ઉપરોક્ત દર ઉપરાંત લાઇટ બીલની રકમ પ્રતી યુનિટ ₹. ૪.૦૦ ના દરે વાસ્તવીક થયેલ વપરાશ મુજબ વસુલ કરવામાં આવશે.

**રાજકોટ અને વડોદરા ખાતે આવેલ સૈનિક આરામ ગૃહના આવાસ અને તેના દરની વિગત નીચે મુજબ છે :**

- **રાજકોટ** આ આરામગૃહ માં બે પલંગ વાળા એવા કૂલ ત્રણ રૂમ છે, જે છ પલંગની સુવીધા પુરી પાડે છે, જેનો દર પ્રતી પલંગ ₹. ૧૫/- નો છે. સારવાર માટે હોસ્પીટલમાં દાખલ કરવામાં આવેલ હોય તેવા કિસ્સામાં આ આરામગૃહમાં રહેવાની સગવડ નિ:શુલ્ક આપવામાં આવશે..

- **વડોદરા** આ આરામગૃહમાં ડોરમેટ્રીમાં સાત પલંગની સુવીધા છે. જેનો દર પ્રતી પલંગ ₹. ૧૫/- નો છે. સારવાર માટે હોસ્પીટલમાં દાખલ કરવામાં આવેલ હોય તેવા કિસ્સામાં આ આરામગૃહમાં રહેવાની સગવડ નિ:શુલ્ક આપવામાં આવશે..

**ગૌરવ સેનાની ભવનમાં રીઝર્વેશન કેવી રીતે કરશો ?**

ગૌરવ સેનાની ભવનના રૂમ/ આવાસની ફાળવણી કચેરી અધીક્ષકની સિધી દેખરેખ હેઠળ કરવામાં આવે છે. ગૌરવ સેનાની ભવનમાં રીઝર્વેશન કરવા માટે નીચે દર્શાવેલ ટેલીફોન નંબર પર સંપર્ક કરશો:

| | | |
|---|---|---|
| (૧) | ફેક્ષ | : ૦૭૯-૨૨૮૬૮૩૪૬ |
| (૨) | સ્વાગત ગૌરવ સેનાની ભવન | : ૦૭૯-૨૨૮૬૮૩૫૧ |
| (૩) | સ્ટાફ ગૌરવ સેનાની ભવન | : ૦૭૯-૨૨૮૬૮૩૪૯-૫૦ |

**સૈનિક આરામ ગૃહ રાજકોટ અને વડોદરા**

**સૈનિક આરામ ગૃહના રાજકોટ અને વડોદરામાં રીઝર્વેશન કરાવવા માટે**

સૈનિક આરામ ગૃહ, રૂડા કચેરી પાસે રાજકોટ અને છાણી રોડ વડોદરામાં રીઝર્વેશન કરાવવા માટે નીચે દર્શાવેલ ટેલીફોન નંબર પર સંપર્ક કરશો:

| | | |
|---|---|---|
| (૧) | સૈનિક આરામ ગૃહ રાજકોટ | : ૦૨૮૧-૨૪૭૬૮૨૫ |
| (૨) | સૈનિક આરામ ગૃહ વડોદરા | : ૦૨૬૫- ૨૭૭૨૬૬૬ |

## લાભો અને સવલતો - પૂર્વ સૈનિકો ને ગુજરાત રાજ્ય તરફથી

**(ગુજરાત રાજ્યના વતની / ડોમીસાઇલ હોય તેવા પૂર્વ સૈનિકો માટે ગુજરાત રાજ્ય તરફથી મળતા લાભો)**

### રોજગાર

- રાજ્ય સરકારના ખાતાઓમાં, પંચાયતમાં તથા જાહેર સાહસોમાં વર્ગ ૩ અને વર્ગ ૪ માં અનુક્રમે ૧૦ ટકા અને ૨૦ ટકા જગ્યાઓ અનામત.*(G.S./75-6-RES-1075/1060-G dated 04 March 1975 અને કેપી/૧૩/૮૯/પીઆર આર/૧૦૮૧/૪૦૨૧/૮૧૩/ગુ..પં.અધિનિયમ,૧૯૬૧ તા. 30 મે ૧૯૮૯)*
- ગુજરાત સિવિલ સર્વીસની વર્ગ-૧ અને વર્ગ-૨ ની ૧ ટકા જગ્યાઓ અનામત. *(આરઇએસ-૧૦૨૦૦૭-૪૫૬૯૮૧-ઘ.૨, તા. ૦૨/૦૩/૨૦૦૯)*
- રાજ્યની પશુચિકિત્સા સેવામાં વર્ગ-૧ અને વર્ગ-૨ ની સીધી ભરતીથી ભરાતી જગ્યામાં ૨૫ ટકા જગ્યાઓ અનામત. *(G.R.G.A.D., G.R.A. & C. Dept. NoRCT-1266 – 42068 - R dated 15 Jan 1968)*
- લડાઇ/ઓપરેશનના કારણે કાયમી ખોડ પામેલ સૈનિકોને રોજગાર માટે વર્ગ-૩ અને વર્ગ-૪ની જગ્યાઓ માટે પ્રાથમીકતા-૧ આપવામાં આવે છે.
- લડાઇ/ઓપરેશનમાં મૃત્યુ પામેલા કે કાયમી ખોડ પામેલ સૈંનિકના બે આશ્રિતોને સીધી ભરતીથી ભરાતી વર્ગ-૩ અને વર્ગ-૪ ની જગ્યા માટે રોજગાર વિનિમય કચેરીમાં નામની નોંધણી કરાયા વગર રોજગાર આપી શકાય છે. તેઓને રોજગાર આપવા માટેની પ્રાથમિકતા- ૨ (એ) આપવામાં આવે છે. *(G.A.D. No RES -1175-1060-G, dated 29 Apr 1976)*
- જે પૂર્વ સૈનિકનું ફરજ દરમ્યાન લડાઇ/ઓપરેશનમાં મૃત્યુ થયું હોય તેમના આશ્રિતને તેઓ યોગ્ય લાયકાત ધરાવતા હોય તો વર્ગ ૩ અને વર્ગ-૪ ની જગ્યાઓ ભરવા માટે થતી રોજગાર વિનિમય કચેરીની કાર્યવાહી માંથી છૂટછાટ આપવામાં આવે છે. *(G.A.D. No RES - 1175-1060-G, dated 29 Apr 1976)*

### વય મર્યાદામાં છૂટછાટ

- પૂર્વ સૈનિકને સીધી ભરતીથી ભરાતી વર્ગ-૩ અને વર્ગ-૪ ની જગ્યા માટે તેમની હાલની ઉમરમાં સશસ્ત્ર સેનાની નોકરી ઉપરાંત ૩ વર્ષની છૂટ આપવામાં આવે છે.*(G.R.G.A.D. No WAR-1363-R, dated 18 Feb 1970)*

## પોલીસ ખાતાની ભરતીમાં  માજી સૈનિકોને શારીરીક કસોટી માં છૂટછાટ

- પૂર્વ સૈનિકો માટે પોલીસ સબ ઇન્સ્પેક્ટર(બિન હથીયારી), પોલીસ સબ ઇન્સ્પેક્ટર (હથીયારી), પોલીસ કોંન્સ્ટેબલ (બિન હથીયારી/હથીયારી) તેમજ પોલીસ કોંન્સ્ટેબલ (એસ.આર.પી.)ની ભરતી માટે માજી સૈનિકો ને શારીરીક કસોટીમાં છૂટ અનુક્રમે ઠરાવ ક્રમાંક-GG/45/RCT/1097/3757/C dated 18 May 2009, GG/GUJ/47/MHK/102008 /2027/C dated 18 May 2009, GG/44/RCT/102004/2972/C dated 18 May 2009 અને GG/46/MHK/102008/1234/Part-II/C dated 18 May 2009 થી આપવામાં આવેલ છે.

## મેટ્રીક પાસ પૂર્વ સૈનિકોને ગ્રેજ્યુએટ સમકક્ષ ગણવા

- વર્ગ-૩ ની કોઇપણ અનામત જગ્યાઓને ભરતી માટે એસ.એસ.સી. પાસ અને સશસ્ત્ર સેનાની ૧૫ વર્ષ કરતાં ઓછી નોકરી ન હોય તેવા પૂર્વ સૈનિકોને તે જગ્યા માટે જો શૈક્ષણિક લાયકાત સ્નાતકની હોય તથા તે માટે જરૂરી તાંત્રીક અને વ્યવસાયીક પ્રકારનો કાર્યાનુભવ જરૂરી ન હોય તો આવી જગ્યા પરની નિમણૂંક માટે તેઓને ગ્રેજ્યુએટ સમકક્ષ ગણવામાં આવે છે. *(GAD Notification No GS-86(18)-RES-1086-1728-G-2, dated 03 Jun 1987)*

## પરીક્ષા ફીમાંથી મુક્તિ

- વર્ગ ૩ ને ૪ ની ભરતી માટેના અરજી ફોર્મની કિંમત ચૂકવવાની તથા પરીક્ષા ફી ભરવાની પૂર્વ સૈનિકોને મુક્તિ આપવામાં આવેલ છે. *(GR.GAD Notification No RES-1175-1060-G, dated 1 Sept 1975)*

## નેશનલ ટેક્ષટાઇલ કોર્પોરેશન (ગુજરાત) લિમિટેડ, એન.ટી.સી.

- સ્થાનિક ટ્રેડ યુનિયન ની સહમતીથી દિવંગત સૈનિક ના ધર્મપત્નિને રોજગાર નો અવસર આપવામાં આવે છે.

## પુન : નિયુક્તિ પામેલા પૂર્વ સૈનિકોને મળતાં લાભો.

- રાજ્ય સરકારમાં પુન: નિયુકિત સમયે પગાર ફિકસેશન અને તે સંબંધી સવલતો આપવામાં આવે છે. *(FD GR No. NVT/3286-GOI-95-P dated 17 Aug 1988 and FD Corrigendum No. NVT/3286-GOI-95-P dated 12 Jan 1989)*
- ઇમર્જન્સી અને શોર્ટ સર્વિસ કમિશન અધિકારીઓની નાગરિક સેવાની બિનઅનામત જગ્યા પર નિમણૂંક બાદ પગારનું ફિકસેશન કરવામાં આવે છે. *(FD GR No. NVT/3286-GOI-95-P dated 17 Aug 1988 and FD Corrigendum No. NVT/3286-GOI-95-P dated 12 Jan 1989)*
- પૂર્વ સૈનિક કલાર્ક માટે વિશેષ જોગવાઇઓ કરવામાં આવેલ છે. *(FD GR No. NVT/3286-GOI-95-P dated 17 Aug 1988 and FD Corrigendum No. NVT/3286-GOI-95-P dated 12 Jan 1989)*
- અનામત કેટેગરીના પૂર્વ સૈનિકો માટે પગાર અને ભથ્થા માટે પ્રોટેકશન આપવામાં આવે છે. *(Rule 9(16) of the Bombay Civil Services Rules)*
- ગુજરાત સરકારમાં નોકરી કરતા ક્ષતિગ્રસ્ત પૂર્વ સૈનિકો માટે મેડિકલ સારવાર અંગે વિશેષ રજાનું પ્રાયોજન કરવામાં આવેલ છે. *(H.D. (Special) G.R. No. SB.II/GSS/3567-3648, dated 7 Oct 1967 and H.D. (Special) G.R. No. SB.II/GSS/3367-3648, dated 22 Oct 1974)*
- સશસ્ત્ર સેનામાં કરેલી નોકરીના વર્ષનો લાભ પુન:નિયુક્તિની સેવામાં, ઘર બાંધકામ પેશગી મંજૂર કરવા માટે આપવામાં આવે છે. *(FD GR No. Gha Ba Pa /1089/U.O./320/Z/1 dated 22 Dec 1989)*

## શૈક્ષણિક લાભો / વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં અનામત જગ્યાઓ.

પૂર્વ સૈનિક અને ગુજરાત રાજ્યમાં સેવારત એવા સશસ્ત્ર દળોના કર્મચારીઓનાં સંતાન માટે વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં નીચે મુજબ અનામત બેઠક રાખવામાં આવેલ છે:

- એન્જીનીયરીંગ ડિગ્રી અને ડિપ્લોમા અભ્યાસક્રમમાં એક ટકા જગ્યાઓ અનામત. *(Education Dept. No .GET/ 1083/24879-GH, dated 26 Jul1983, GTI /1187/ 2213/ S, dated 4 Jun 1987 and Govt. of Gujarat Gazette No. G/GNR/2, Extra No.107 dated 12 May 2008)*
- ઇજનેરી ડિપ્લોમાના આધારે એન્જિનિયરીંગ ડિગ્રી અભ્યાસક્રમમાં એક ટકા જગ્યા અનામત.
- ફાર્મસી ડિગ્રી અને ડિપ્લોમા અભ્યાસક્રમમાં એક ટકા જગ્યાઓ અનામત. *(Govt. of Gujarat Gazette No. G/GNR/2, Extra No.107 dated 12 May 2008)*
- સરકારી અને સરકારી અનુદાન મેળવતી કોલેજો/સંસ્થાઓમાં એમ.બી.એ. અભ્યાસક્રમમાં એક ટકા જગ્યાઓ ગુજરાત કોમન એંટ્રન્સ ટેસ્ટ(જીસેટ)-એમ.બી.એ.ના માધ્યમથી અનામત.*(Govt. of Gujarat Gazette No. G/GNR/2, Extra No.128 dated 23 May 2008)*
- સરકારી અને સરકારી અનુદાન મેળવતી કોલેજો/સંસ્થાઓમાં એમ.સી.એ. અભ્યાસક્રમમાં એક ટકા જગ્યાઓ ગુજરાત કોમન એંટ્રન્સ ટેસ્ટ (જીસેટ)-એમ.સી.એ.ના માધ્યમથી અનામત. *(Govt. of Gujarat Gazette No. G/GNR/2, Extra No.129 dated 23 May 2008)*
- સરદાર પટેલ યુનિવર્સિટીમાં બી.એડ.ના અભ્યાસક્રમમાં એક ટકા જગ્યાઓ અનામત. (આ અનામતમાં પેરા મિલીટરી દળ સામેલ છે.)
- એમ.એસ. યુનિવર્સિટી માં બી.એડ.ના અભ્યાસક્રમમાં ૨ જગ્યાઓ અનામત. *(MS University Vadodara letter No. FEP/SB dated 28 Dec 1989)*
- સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં બી.બી.એ. ના અભ્યાસક્રમમાં એક ટકા જગ્યાઓ અનામત.
- એગ્રીકલચર યુનિવર્સિટી જુનાગઢ અને આણંદમાં બી.એસ.સી.(એગ્રી) અને બી.ટેક. (એગ્રી) અભ્યાસક્રમમાં એક ટકા જગ્યાઓ અનામત.
- વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં ગ્રેજ્યુએશન અને પોસ્ટ ગ્રેજ્યુએશન.ના અભ્યાસક્રમમાં એક ટકા જગ્યાઓ અનામત
- કોઇપણ બે હોમિયોપેથી કોલેજમાં બી.એચ.એમ.એસ. તથા ડી.એચ.એમ. એસ. અભ્યાસક્રમમાં એક એક જગ્યા અનામત.
- સૈનિક સ્કૂલ બાલાચડી, જામનગરમાં ૨૫ ટકા બેઠક અનામત.
- દરેક આઇટીઆઇમાં દસ બેઠક અનામત. *(Director Employment & Training Gandhinagar Notification No. CTS / CH (5) / 1990 / Pravesh / 7033 dated 5 Aug 1990)*
- પીટીસીના અભ્યાસક્રમમાં પાંચ બેઠક છોકરાઓ અને પાંચ બેઠક છોકરીઓ માટે કુલ દશ બેઠક અનામત. *(Education Dept. letter No.TCM-1491-2086/N, dated 30 Oct 1991)*

## તબીબી સવલતો

- સરકારી હોસ્પિટલો, દવાખાના અને તબીબી સંસ્થાઓમાં પૂર્વ સૈનિક/સ્વ. પૂર્વ સૈનિકનાં ધર્મપત્નિ તથા તેઓના આશ્રિતો માટે નિ:શુલ્ક બહારના દર્દી તરીકે સારવાર આપવાની વ્યવસ્થા રાખવામાં આવેલ છે. *(G.R.H. & I.D. No WLT-CI-P, dated 30 Nov 1963)*

## પુનર્વસવાટ ના લાભો

<u>ગુજરાત હાઉસિંગ બોર્ડ ના ફ્લેટો/મકાનો ની ફાળવણીમાં અનામત.</u>

- ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા બંધાયેલા એલ.આઇ.જી અને એમ.આઇ.જી યોજના હેઠળના મકાનો/ ફ્લેટોમાં ૧૦ ટકા અનામત રાખવામાં આવેલ છે. *(H.D. letter No. SaKas/RSB/1085/4431/Fdated 5 March 1986)*

## ભાડે આપેલ મકાન ખાલી કરાવવા બાબત

- પોતાના વપરાશ માટે ભાડે આપેલ મકાનનો કબજો પાછો મેળવવા માટે પૂર્વ સૈનિકો અને દિવંગત સૈનિકોના ધર્મપત્નિઓ માટે કાયદામાં જોગવાઇ કરાયેલી છે. આ માટે નીચેનાં ન્યાયાધીશોની જુદા જુદા વિસ્તારો માટે સક્ષમ સત્તાધિકારી તરીકે નિમણૂક કરવામાં આવી છે. *(Road & Building Dept. Gujarat Ordinance No 10 of 1984 and Notification No GH / J / 1 / 86 / BRA-1485/ Gazette-26 N (i) dated 20 Feb 1986)* : -

  - o અમદાવાદ ખાતે નાના દાવાની અદાલતના મુખ્ય ન્યાયાધીશશ્રી તથા સુરત, વડોદરા અને રાજકોટના સમકક્ષ ન્યાયાધીશશ્રીઓ.
  - o ઉપર સિવાયના બાકીનાં જીલ્લાઓના સીનીયર ડીવીઝન સિવીલ જજ શ્રીઓ.

## રહેઠાણ માટે જમીન ની ફાળવણી

- પેન્શન ઉપરાંત વાર્ષિક ₹. ૩૬૦૦૦/-થી નીચે આવક ધરાવતા કર્નલ રેન્ક સુધીની રેન્કના પૂર્વ સૈનિકોને બે ગુઠા સુધીની ગામતળની જમીન વગર જાહેર હરાજીથી રહેણાંક માટે ફાળવવાની જોગવાઇ છે. જમીનની કિંમત માં સરેરાશ બજાર કિંમત કરતાં મહ્ત્તમ ₹.૫૦/-પ્રતિ ચોરસ વાર રાહ્ત આપી શકાશે.*(G.R.R.D. No LND-3988-3290(ii) A dated 15 Feb 1989 and G.R.R.D. No LND-3988-2637- A dated 27 March 2001)*

## ખેતી માટે જમીન ની ફાળવણી

- સશસ્ત્ર દળમાંથી છૂટા થવાને બે વર્ષની અંદરનો સમય બાકી હોય તેવા કર્નલ રેન્ક સુધીના સેવારત સૈનિકો તથા પેન્શન ઉપરાંત વાર્ષિક ₹.૩૬૦૦૦/-થી નીચે આવક ધરાવતા કર્નલ રેન્ક સુધીના પૂર્વ સૈનિકોને જેઓ નું વતન ગુજરાત હોય અને જેઓએ સશસ્ત્ર દળમાં માન્ય સેવાકાળ પૂર્ણ કરેલ હોય અને સેવામાંથી રાજીનામું કે વહેલાસર નિવૃત્તિ ન લીધી હોય અને ફક્ત પોતાના જીવન નિર્વાહ માટે ખેતીની જમીન મેળવવા ઇચ્છતા હોય તેઓને મહ્ત્તમ ૧૬ એકર સુધીની ખેતી ની જમીન આપી શકાય છે.*(G.R.R.D. No LND-3988-3290(i) A dated 15 Feb 1989, Revenue Department Notification No LND-3981-505238-A dated 28 Feb 1990 and G.R.R.D. No LND-3988-2637- A dated 27 March 2001).*

## ખેતીની જમીન માટેનો ગણોતધારો રદ કરવા બાબત

- સશસ્ત્ર દળોના સભ્યો માટે ખેતીની જમીનના ગણોતધારા ની જોગવાઇઓ રદ કરવા વિશેષ નિયમો ઘડવામાં આવ્યા છે. *(Tenancy Laws amended suitably under the Gujarat Act, 24 of 1965)*

## ખેતીની જમીન ખરીદવાના હેતુથી પૂર્વ સૈનિકને ખેડૂતનો દરજ્જો આપવા બાબત

- ગુજરાત ના વતની પૂર્વ સૈનિક કે જેને ખેતી માટેની સરકારી જમીનની ફાળવણી થઇ શકેલ ન હોય તેને ખેતીની જમીન ખરીદવા માટે ખેડૂત તરીકે નો દરજ્જો આપવા ની જોગવાઇ કરેલ છે. *(Revenue Department Resolution Ga NaTa/ 1799/ VIP-2/Z dated 27 Sept 2001 and G.R.R.D. No LND-3988-2637- A dated 27 March 2001)*

## યુનિટ દ્વારા ચલાવવામાં આવતી કેન્ટીન પર વેલ્યુ એડેડ ટેક્ષ (VAT) ની માફી.

- ગુજરાત સરકાર દ્વારા કેન્ટીન સ્ટોર ડીપાર્ટમેંટ અને યુનિટો ચલાવતી કેન્ટીનમાંથી થતા માલ સામાનના વેચાણ પર “વેલ્યુ એડેડ ટેક્ષ” (VAT) ની માફી આપેલ છે. આ માફીના લાભો કેન્ટીન સ્ટોર્સ ડીપાર્ટમેંટના નિયમો મુજબ નિયત ઠરાવેલ અધીકૃત્ત વ્યક્તીઓને મળવા પાત્ર થશે. *(Finance Department Notification No. (GHN-77) VAT -2006-S.5(2)(10)-TH dated 19 July 2006)*

- સશસ્ત્ર દળો દ્વારા નિર્ધારિત કરાયેલા કોટા મુજબ સી.એસ.ડી. કેન્ટીનમાંથી દારૂ ખરીદવા પૂર્વ સૈનિકને વિશેષ હેલ્થ (લિકર) પરમિટ આપવાની જોગવાઇ કરવામાં આવેલી છે. *(Social Welfare Dept. Notification No. GH-L/1/FLR/1088/19190/M dated 4 Jan 1989)*

## કાનૂની સહાય

- ગુજરાત રાજ્યના પૂર્વ સૈનિક/દિવંગત સૈનિકોના ધર્મપત્નીઓ કે જેમની કુલ વાર્ષિક આવક રૂ.૫૦,૦૦૦/-થી નીચે છે, તેઓને મફત કાનુની સલાહ આપવાની વ્યવસ્થા છે.*(G.R.L.D. No. LAG-1076-2508/D, dated 18 Jun 1976)*

## સ્વ. રોજગાર

### લઘુ ઉધોગ સ્થાપવા શેડ ની ફાળવણી તથા લઘુ ઉધોગની સ્થાપના માટે ની રાહતો

- લઘુ ઉધોગ સ્થાપવા માટેની નીચે મુજબની રાહતો આપવામાં આવે છે.*(137th Meeting of G.I.D.C. held on 16th Apr 1974):-*
  - o લઘુ ઉધોગની સ્થાપના માટે જી.આઇ.ડી.સી તરફથી ૧૫% રાહત દરે શેડ/પ્લોટ ફાળવવામાં આવે છે.
  - o જી.આઇ.ડી.સી. દ્વારા પૂર્વ સૈનિકને રાહત દરે લઘુ ઉધોગનું એકમ સ્થાપવા માટે અગ્રતાક્રમ આપવામાં આવેલ છે.

### ફિશિંગ/મચ્છીમારી ની સવલતો

- ગુજરાતના પૂર્વ સૈનિકના પુનર્વસવાટ માટે મચ્છીમારીના સ્વરોજગાર માટે લોન વ્યવસ્થા કરી સુધારેલ પ્રકારની લાકડાની બોટ આપવાની યોજના છે. *(Govt. Memorandum A.F. & C. Dept. No FDV. 1371/1371/13709-X, dated 29-12-1971)*

### સસ્તા અનાજની દુકાન તથા જય જવાન સ્ટોલની ફાળવણીમાં અગ્રતાક્રમ

- સસ્તા અનાજની દુકાનની ફાળવણીમાં પૂર્વ સૈનિકોની મંડળીને પ્રાથમિકતા-૨ તથા પૂર્વ સૈનિક્ને પ્રાથમિકતા-૮ આપવા માં આવે છે. *(G.R. Food and Civil Supplies Deptt. Circular No. 3077-509-X, dated 10 March 1977)*

## ગુજરાત સરકાર તરફથી નાણાંકીય સહાય

### બહાદૂરી પદક અને પ્રશંસનીય સેવા પદક માટે રોકડ ઇનામ

- ગુજરાત રાજ્યમાં અધિવાસ ધરાવતા હોય તેવા ભારતીય સશસ્ત્ર દળના સભ્યો કે જેઓને વિરતા પદકથી અથવા પ્રશંસનીય સેવા પદકથી સન્માનવામાં આવેલા છે તેઓને નીચે મુજબ રોકડ પુરસ્કાર આપવામાં આવે છે. *(G.R.H.D. No. WES/1087/2951 dated 10 Sept 1990): -*

### બહાદૂરી પદકો

| | | |
|---|---|---|
| - | પરમવીર ચક્ર | -₹. ૨૨૫૦૦/-અને ₹.૫૦૦/-નુ વર્ષાસન 30 વર્ષ સુધી. |
| - | અશોક ચક્ર | -₹. ૨૦,૦૦૦/- |
| - | મહાવીર ચક્ર | -₹. ૧૫,૦૦૦/- |
| - | કિર્તી ચક્ર | -₹. ૧૨,૦૦૦/- |
| - | વીર ચક્ર | -₹. ૭,૦૦૦/- |
| - | શૌર્ય ચક્ર | -₹. ૫,૦૦૦/- |
| - | સેના/નૌ સેના/ વાયુ સેના મેડલ (બહાદૂરી માટે) | -₹. 3,000/- |
| - | મેન્શન ઈન ડીસ્પેચ | -₹. ૨,૦૦૦/- |

### પ્રશંસનીય પદક (બહાદૂરી સિવાય)

| | | |
|---|---|---|
| - | સર્વોત્તમ યુદ્ધ સેવા મેડલ | -₹. ૧૭,૦૦૦/- |
| - | પરમ વિશિષ્ઠ સેના મેડલ | -₹. ૧૫,૦૦૦/- |
| - | ઉત્તમ યુદ્ધ સેવા મેડલ | -₹. ૧૦,૦૦૦/- |
| - | અતિ વિશિષ્ઠ સેના મેડલ | -₹. ૭,૦૦૦/- |
| - | યુદ્ધ સેવા મેડલ | -₹. ૪,૦૦૦/- |

- વિશિષ્ઠ સેના મેડલ -₹. ૩,૦૦૦/-
- સેના/નૌ સેના/ વાયુ સેના મેડલ -₹. ૩,૦૦૦/-
  (પ્રશંસનીય કામગીરી માટે)

## રહેમરાહે વળતર

- લડાઇ/ઓપરેશન/આંતરીક સુરક્ષાની કામગીરીમાં મૃત્યુ પામેલા સૈનિકનાં આશ્રિતને કે ઘવાયેલા સશસ્ત્ર સેનાના સૈનિકને નીચે મુજબ રહેમરાહે વળતર આપવામાં આવે છે. *(H.D. Resolution No.WES/1087/24/F dated 7 Nov 1990)* :-

  - o મૃત્યુ અથવા કાયમી ખોડ માટે. - ₹. ૫૦૦૦/-
  - o અંશત: ઇજાગ્રસ્ત. - ₹. ૨૫૦૦/-

## માન. મુખ્યમંત્રીશ્રીના જવાન રાહત ભંડોળ માં થી રહેમરાહે વળતર

- આ સહાય લડાઇ/ઓપરેશનમાં શહીદ થયેલા જવાનોના પરીવારને આપવામાં આવે છે, એટલુંજ નહીં પરંતું સશસ્ત્ર દળોમાં ફરજ બજાવતા ઘાયલ થયેલ જવાનને પણ ચૂકવવામાં આવે છે. જેની વિગતો નીચે મુજબ છે. માન. મુખ્યમંત્રીશ્રીના જવાન રાહત ભંડોળમાંથી તમામ શહીદ/ઘાયલ થયેલાં જવાનને ચુકવાતી નાણાંકીય સહાયની વિગતો નીચે મુજબ છે. *(H.D. Resolution No. CMJ.102000 / 1872 / F, dated 29Aug 2000)*:-
- **મિલિટરી સેવા દરમ્યાન અવસાન પામેલ જવાનના પરીવારને (પરણીત જવાનના પરીવાર માટે)**
  - (અ) સ્વ. જવાનની પત્નીને :
    - (૧) ₹. ૫૦,૦૦૦/- રોકડ સહાય.
    - (૨) માસિક ₹. ૧૦૦૦/- સહાય પુન: લગ્ન ન કરે / હયાત હોય ત્યાં સુધી.
  - (બ) સ્વ. જવાનના સંતાનોને :
    - (૧) માસિક ₹. ૫૦૦/- ની સહાય, પ્રતિ માસ એક સંતાન માટે વધુમાં વધુ બે સંતાનો માટે ₹. ૧૦૦૦/- ની સહાય પ્રતિ માસ ૨૫ વર્ષની ઉંમરના થાય ત્યા સુધી.
  - (ક) સ્વ. જવાનના માતા-પિતાને
    - (૧) માતા અને પિતાને હયાત હોય ત્યા સુધી દરેકને માસિક ₹. ૫૦૦/- ની સહાય, બન્ને માતા પિતા માટે ₹. ૧૦૦૦/- ની સહાય પ્રતિ માસ.
- **મિલિટરી સેવા દરમ્યાન અવસાન પામેલ જવાનના પરીવારને (અપરણીત જવાનના પરીવાર માટે)**
  - (અ) સ્વ. જવાનની માતાને :
    - (૧) ₹. ૫૦,૦૦૦/- રોકડ સહાય.
  - (બ) સ્વ. જવાનના માતા-પિતાને
    - (૧) માતા અને પિતાને હયાત હોય ત્યા સુધી દરેકને માસિક ₹. ૫૦૦/- ની સહાય, બન્ને માતા પિતા માટે ₹. ૧૦૦૦/- ની સહાય પ્રતિ માસ.
- **મિલિટરી સેવા દરમ્યાન ફરજ બજાવતા ૫૦% થી વધુ શારીરીક ક્ષતિગ્રસ્ત થયેલ જવાનને નીચે મુજબ સહાય ચૂકવવામાં આવે છે:-**
  - (અ) ₹. ૫૦,૦૦૦/- રોકડ.
  - (બ) માસિક ₹. ૧૦૦૦/- સહાય હયાત હોય ત્યાં સુધી.

## નાગરીક (સૈનિક કલ્યાણ) અધિકાર પત્ર

## નાગરીક (સૈનિક કલ્યાણ) અધિકાર પત્રની કટીબધ્ધતા

કચેરીમાં વ્યર્થ  ધક્કા ખાધા સિવાય નિયત કરેલા મહત્તમ સમયની અંદર આપનુ કામ પુર્ણ થાય તે માટે **નાગરીક (સૈનિક કલ્યાણ) અધિકાર પત્રની જાણકારી રાખો અને  પૂર્વ સૈનિકોના પરીવારની કલ્યાણ કામગીરી સમયસર થાય તેવી વ્યવસ્થાના અમલી કરણમાં સહયોગી બનો**

- રાજ્ય ભરમાં અમુક  શહેરોમાં સૈ.ક.અને. પુ. કચેરી આવેલ હોવાથી સ્વાભાવીક રીતે અન્ય શહેર અને ગામના પૂર્વ સૈનિકો પોતાના કલ્યાણ સબંધી કામગીરી માટે કચેરીની રૂબરૂ મુલાકાત લઈ ન શકે. આ બાબતને ધ્યાનમાં રાખી પત્રવ્યવહારના માધ્યમથી જ સૈનિક કલ્યાણની કામગીરીને સમય મર્યાદામાં કરવાને પ્રાથમીકતા અપાશે. સિવાય કચેરીમાં રૂબરૂમાં આપે કોઇ દસ્તાવેજ પર સહી કરવાની હોય અને જેનો કોઇ વિકલ્પ ન હોય, એવી બાબતો સિવાયની અન્ય કામગીરી માટે કચેરીના કોઇપણ કર્મચારી આપને કચેરીમાં ઉપસ્થિત થવાની ફરજ પાડી નહી શકે. આપ ટપાલ ધ્વારા આપની રજુઆત, આપની પાસે માંગેલ માહિતીનો જવાબ કે અરજી મોકલી શકો છો કે આપને જોઈતી માહિતી મંગાવી શકો છો.

- સૈનિક કલ્યાણની કામગીરી સક્ષમ રીતે ચલાવવા જિ.સૈ.ક.અને. પુ. કચેરીઓમાં અનુભવી પૂર્વ સૈનિકોને જ નિમવામાં આવે છે. પાંચ-છ થી વધુ જિલ્લાઓમાં આ કામગીરીના સુપરવીઝન માટે એક ફકત અધિકારીની નિમણુંક થતી હોય ત્યારે જન સંપર્કની કામગીરી માટે પણ કર્મચારીઓને જવાબદારી સોંપવામાં આવેલ છે. અગર કર્મચારી દ્વારા અધિકારી નથી કે અમુક કર્મચારી હાજર નથી એવા બહાનાથી અરજદારને ફરીથી આવવાનુ કહેવામાં આવે કે માહિતી પુરી ન પાડવામાં આવે કે સંતોષકારક જવાબ / માર્ગદર્શન કે કાર્યવાહી ન કરવામાં આવે કે આપવામાં આવેલ જવાબ કે માર્ગદર્શનની ગુણવત્તા સંતોષકારક ન હોય તેવી બાબતોની નોંધ ગંભીરતાથી લેવામાં આવશે અને જવાબદાર કર્મચારી સામે જરુરી કાર્યવાહી કરવામાં આવશે. આવી ઘટના બને તો આપ લેખીત ફરીયાદ કરી શકો છો અને અધિકારી કચેરીમાં હાજર હોય તો આ બાબતમાં અધિકારીને રજુઆત કરી શકો છો.

- અગર અધિકારીના સ્તરના કામ માટેજ આપ કચેરીમાં આવેલ હો અને અધિકારી કચેરીમાં હાજર નહોય તો આપની રજુઆત ના કાગળ/અરજી કચેરીના કર્મચારી પાસે જમા કરાવશો. કર્મચારી અધિકારી પાસેથી આપની અરજી પરની જરુરી કામગીરી સંપન્ન કરાવીને તુરંત તે બાબતમાં આપને પત્ર દ્વારા જાણ કરશે. આવા સંજોગોમાં આપે ફરીથી કચેરીમાં આવવાની જરૂરીયાત રહેશે નહી.

- પારદર્શક સૈનિક અધિકાર પત્ર તથા સ્પષ્ટ કરાયેલ નિયમો મુજબ તથા નિયત આધાર પૂરાવા સાથે કરવામાં આવેલ સહાય માટેની અરજી મંજુર થવાને પાત્ર હોય છે. અને તેથી વિપરીત નિયમોની જોગવાઇમાં આવતી ન હોય તેવી અરજી કે સહાય મંજુર થઈ ન શકે. આ મુળભુત બાબતને ધ્યાને રાખી દરેક અરજદારે એ બાબત સ્પસ્ટ સમજવાની રહે છે કે કચેરીના કોઇપણ અધિકારી કે કર્મચારી આપખુદ રીતે આપની અરજી કે સહાયને મંજુર કે ના મંજુર કરવા કે નિયમમાં બાંધછોડ કરવામાં સક્ષમ નથી તેમજ આવી અરજી કે સહાયને મંજુર કરાવવામાં વિલંબ પણ કરી શકે તેમ નથી.

- તેમ છતાં અગર સૈનિક કલ્યાણ અધિકાર પત્રમાં સ્પષ્ટ કરેલ કાર્યવાહી મુજબ સહાય કે અરજી મંજુર કરાવવા કોઇ કર્મચારી ગેર કાયદેસર રીતે નાણા કે અન્ય ચીજ વસ્તુની માંગણી કરેતો તે બાબતમાં કોઇપણ પ્રકારની સેહ શરમ કે ડર રાખ્યા વગર અરજદારે જવાબદાર ઉપલા કર્મચારી કે જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારીને અવશ્ય રજુઆત કરવી. અત્રે આ બાબત સ્પષ્ટ સમજવાની રહેછે કે “ કોઈ પણ જાહેર સેવક કે

સરકારી વ્યકતી અરજદાર પાસે ગેરકાયદેસર રીતે નાણાની માંગણી કરે અથવા ત્રાહીત વ્યકતી પાસે આવી માંગણી કરાવે તે ગુન્હો છે.” આ માટે આપ નિયામક સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી ને ભ્રષ્ટ આચારણ કરનાર આવા કર્મચારી વિરુધ્ધ તાત્કાલી ફરીયાદ કરો તે બાબત આપ અને સમગ્ર પૂર્વ સૈનિકોના કલ્યાણના હિતને ધ્યાનમાં રાખતા ખુબજ આવશ્યક બને છે. ગેર રીતી ભ્રષ્ટાચારની માહિતીની વિગત આપનારનુ નામ ઈચ્છશેતો ખાનગી રખાશે.

- દરેક અરજદારની અરજીને કોમ્પ્યુટરમાં નોંધી આવક ક્રમાંક આપવામાં આવશે. રૂબરૂ આવી અરજી આપનારને પહોંચ આપવા માં આવશે. અમુક દસ્તાવેજ જોડેલા નથી કે જોડેલા દસ્તાવેજ અધુરા હોવાનુ જણાવી કોઇપણ કર્મચારી અરજીને સ્વિકારવાનુ ટાળી નહી શકે. અરજીની ત્રુટીઓ જણાયતો તેને પુરી કરવાની સુચના અરજદારની આરજી ના સ્વિકાર કર્યા પછી કચેરી દ્વારા આપવામાં આવશે
- દરેક પ્રકારના કાગળો/ અરજીના નિકાલ અંગેની નકકી કરવામાં આવેલ સમય મર્યાદામાં કાર્યવાહી પુર્ણ કરવામાં આવશે.
- દરેક વિષયની અરજી સાથે કયા સાધનિક પુરાવા જોડવાના રહેશે તેની સ્પષ્ટ જાણ અરજદારોને કરવામાં આવશે.
- પૂર્વ સૈનિકો, સ્વ. પૂર્વ સૈનિકોના ધર્મપત્નિઓ તથા તેઓના આશ્રીતો તથા અન્ય નાગરીકોના સુચનોને આવકારવામાં આવશે.
- સૈનિક કલ્યાણ પત્રમાં સમયાંતરે સમીક્ષા કરી તેની ગુણવત્તામાં ઉત્તરોતર સુધારા કરવામાં આવશે તથા કરવામાં આવેલ પરિવર્તનની માહિતી પ્રસિધ્ધ કરવામાં આવશે.
- કચેરી કામકાજના દિવસોમાં સવારે ૧૦.30 થી સાંજે ૬.૧૦ સુધી ખુલ્લી રહેશે. બપોરના વિરામ સમયે કચેરીનુ કામકાજ બંધ રાખવામાં આવતુ નથી.
- કર્મચારી કે અધિકારી માટે બપોરનો વિરામનો સમય ફકત 30 મીનીટનો રહે છે. આ સમય દરમ્યાન કચેરીનુ કામકાજ ચાલુ રહે માટે કર્મચારીઓને ૨.00 થી ૨.30 અથવા ૨.30 થી 3.00 વચ્ચેના સમયમાં વારા ફરતી વિરામ આપવાની વ્યવસ્થા કરવામાં આવે છે.
- કચેરીના નિયત કરેલ સમયનુ પાલન ન થાય અને બપોરના અવકાશને લંબાવવામાં આવે કે અન્ય કચેરીના સમયમાં અધિકારી/કર્મચારી અન-અધિકુત રીતે પોતાની કામકાજની જગા પર ઉપસ્થિત ન રહે તો આપ આ બાબતની રજુઆત અવશ્ય કરશો જેથી આંતરીક સમીક્ષા સાથે સુધારાત્મક કાર્યવાહી કરી શકાય.

**પૂર્વ સૈનિકો / દિવંગત સૈનિકોના ધર્મ પત્નિઓ તથા આશ્રીતોને માર્ગદર્શન અને સુચના**

- ટપાલ ધ્વારા આપ આપની સહાય ની અરજી સાથે જોડવાના આધાર-પુરાવાની સંપુર્ણ જાણકારી અને નમૂના મેળવી શકો છો. અરજી સાથે જોડવાના થતા આધાર-પુરાવાની એકજ સાથે એકજ પત્રમાં આપને સંપુર્ણ માહિતી પહોંચતી કરવામાં આવશે. આવી માહિતી માટે કે આપની અરજી જમા કરવા માટે આપે સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરીમાં રુબરુ આવવુ જરુરી નથી. આપની સહાયની અરજી રજીસ્ટર્ડ ટપાલથી મોકલવી આપને વધુ અનુકુળ રહેશે.
- આપને મંજુર કરવામાં આવેલ સહાય (શિષ્યવૃત્તી સહિતની)ની રકમ લેવા આપે સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરીમાં રૂબરૂ આવવાની જરુરી નથી. આપને મંજુર કરવામાં

આવેલ સહાય રકમ એકાઉન્ટ પેયી ચેકથી આપના બેન્ક ખાતામાં જમા કરવામાં આવશે. કામકાજના ઝડપી નિકાલ માટે જરુરી માહિતી અને પુરાવા એકજ સાથે રજુ કરવામાં આવે તે બાબત ખુબજ ઇચ્છનીય છે. એકજ સાથે જરુરી આધાર-પુરાવા જમા કરાવી વહીવટી કામમાં સરળ બનાવવા સહકાર આપશો. અધુરા કાગળો જમા કરી નિરર્થક પત્ર વ્યવહાર કરવો કે સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરીમાં નિરર્થક ધકકા ખાવા તે બાબત આપના હિતમાં નથી.

- આપ અગર રૂબરૂ કચેરીમાં જાણકારી મેળવવા આવ્યા હોય તો પણ કચેરીમાં રાખેલ નિયત ફોર્મમાં આપના નામ-સરનામું-ટેલીફોન નંબરની વિગત અને આપને જોઇતી માહિતીની ટુંકી નોંધ ભરી આ મુલાકાતી ફોર્મ જન-સંપર્ક કર્મચારીને આપશો. સબંધીત કર્મચારી દ્વારા આપને અપાયેલ જાણકારીની ગુણવત્તા પર દેખરેખ રાખવા આ બાબતમાં આપનો સહકાર અનિવાર્ય છે.
- વહીવટી તંત્રમાં સુધારા કે કર્મચારીના નકારાત્મક વલણ અંગેની ફરિયાદો અંગે આપ કચેરીના વડાને રજુઆત કરી શકો છો. આવી ફરીયાદ પર ત્વરીત ધ્યાન અપાશે.
- ફરીયાદ પર થયેલ કાર્યવાહીની જાણ સબંધીત વ્યકતીને કરવામાં આવશે.
- સરળ અને સ્પષ્ટ કરેલ નિયમો અને સમયની મર્યાદામાં અરજદારની રજુઆત પર કાર્યવાહી કરી તેને મળવાપાત્ર સહાય મંજુર કરવામાં આવે છે તેવી પારદર્શક વ્યવસ્થા હોવા છતાં પોતાનુ કામ કરાવવા કર્મચારીઓને પ્રલોભન આપવુ નહી. આમ કરવુ તે પણ ગુન્હો બને છે તેની અરજદારોએ નોંધ લેવી.

**<u>વન ડે ગવર્નન્સ</u>** - નીચેની કામગીરી એકજ દિવસમાં કરવાની થાય છે. આવા કામ માટે કોઇ અધિકારી/કર્મચારી આપને કચેરીનો બીજો ધક્કો ખાવા મજબુર કરી શક્શે નહી.. જે કામમાં અધિકારીની સહીની જરૂર હોય અને અગર કચેરીમાં અધિકારીની ઉપસ્થિતી ન હોયતો અધિકારીના કચેરીમાં હાજર થવાના દિવસે જ આપના વન ડે ગવર્નન્સ ના દસ્તાવેજ /ઓળખપત્ર / પ્રમાણપત્ર આપને રજીસ્ટર્ડ પોસ્ટ થી મોકલી આપવા સૈનિક કલ્યાણ કચેરીઓ જવાબદાર છે. અધિકારી નથી કે અમુક કર્મચારી હાજર નથી એવા બહાનાથી વન ડે ગવર્નન્સ ની કામગીરી ટાળી શકાશે નહી.

- પૂર્વ સૈનિક / દિવંગત પૂર્વ સૈનિકના ધર્મ પત્નિની નોંધણી તથા તેઓને ઓળખપત્ર આપવાની કાર્યવાહી
- રોજગાર નોંધણીનુ નવીની કરણ
- પૂર્વ સૈનિક / દિવંગત પૂર્વ સૈનિકના ધર્મપત્નિના સંતાનો માટે વિવિધ અભ્યાસક્રમોમાં અનામત બેઠક માટે લાયકાતનુ પ્રમાણપત્ર આપવાની કાર્યવાહી
- અન્ય સૈનિક બોર્ડમાં સ્થળાંતર કરી જનાર પૂર્વસૈનિક/દિવંગત પૂર્વસૈનિકના ધર્મપત્નિને એન.ઓ.સી. આપવાની કાર્યવાહી
- યુનીટ કોટામાં ભરતી થવા પૂર્વ સૈનિકના આશ્રીતને આપેલ પ્રમાણપત્રની ચકાસણી અને પ્રતિસહી / સશસ્ત્ર દળોમાં ભરતી થવા પૂર્વ સૈનિકના આશ્રીતને પ્રમાણપત્ર આપવાની કાર્યવાહી
- ગુ.ઇ.બોર્ડ. માંથી સિંચાઈ માટે પ્રાથમીકતાથી વીજ જોડાણ મેળવવા માટે પ્રમાણપત્ર આપવાની કાર્યવાહી

- ગુ.હા.બોર્ડ ધ્વારા બાંધવામાં આવેલ મકાન/ફલેટના અનામત કોટાની ફાળવણી માટે પ્રમાણપત્ર આપવાની કાર્યવાહી
- કચેરીની મુલાકાતે આવતા પૂર્વ સૈનિક/દિવંગત પૂર્વસૈનિકના ધર્મપત્નિ/ તેઓના આશ્રીતોને સલાહ/માર્ગ દર્શન આપવા બાબતની જનસંપર્કની કાર્યવાહી

## નાગરીક (સૈનિક કલ્યાણ) અધિકાર પત્ર કામગીરી પૂર્ણ કરવાની સમય મર્યાદા

રાજ્ય સૈનિક બોર્ડની સૈનિક કલ્યાણ કચેરીઓ તરફથી આપને મળવાપાત્ર તમામ સહાય અને લાભ મેળવવા તેમજ અન્ય ખાતાઓના કાર્યક્ષેત્ર હેઠળ આવતા પ્રશ્નોના સમાધાન માટે આપના વિસ્તારની જિલ્લા સૈનિક કલ્યાણ કચેરીનો સંપર્ક સાધશો. અગર નાગરીક (સૈનિક કલ્યાણ) અધિકારપત્રમાં નીચે દર્શાવેલ મહત્તમ સમયની અંદર સબંધીત જિલ્લા સૈનિક કલ્યાણ કચેરી તરફથી આપની અરજી પરની કાર્યવાહી પુર્ણ કરવામાં ન આવે કે તે બાબતમાં સંતોસકારક જવાબ આપવામાં ન આવે તો આપ નિયામકશ્રીની કચેરીમાં અથવા સરકારશ્રીના ગૃહ વિભાગમાં રજુઆત કરી શકોછો.

| ક્રમ | વિષય | જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરીના સ્તરે નિકાલના દિવસ | નિયામકશ્રી સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરીના સ્તરે નિકાલના દિવસ | નિકાલના કુલ દિવસ | નોંધ |
|---|---|---|---|---|---|
| 1 | પૂર્વ સૈનિક/સ્વ.પૂર્વ સૈનિકના ધર્મપત્નિની નોંધણી તથા તેઓને ઓળખપત્ર આપવાની કાર્યવાહી* | 1 | લાગુ પડતુ નથી | 1 | 1. અરજી સાથે જરૂરી સાધનિક પુરાવા રજુ કરાયાની શરતે કાર્યવાહી એક દિવસમાં પુર્ણ થશે. |
| ૨ | રોજગાર નોંધણીનુ નવીની કરણ | 1 | લાગુ પડતુ નથી | 1 | |
| 3 | પૂર્વ સૈનિક/સ્વ. પૂર્વ સૈનિકના ધર્મપત્નિના સંતાનો માટે વિવિધ અભ્યાસક્રમોમાં અનામત બેઠક માટે લાયકાતનુ પ્રમાણપત્ર આપવાની કાર્યવાહી | 1 | લાગુ પડતુ નથી | 1 | ૨. એક દિવસમાં પુર્ણ કરવાની કાર્યવાહીના આયોજન / નિયંત્રણ માટે દરેક કચેરીમાં જન- સંપર્ક કર્મચારી નિયુકત કરાશે. |
| ૪ | અન્ય સૈનિક બોર્ડમાં સ્થળાંતર કરી જનાર પૂર્વ સૈનિક /સ્વ.પૂર્વ સૈનિકના ધર્મપત્નિને એન.ઓ.સી. આપવાની કાર્યવાહી | 1 | લાગુ પડતુ નથી | 1 | |
| ૫ | યુનીટ કોટામાં ભરતી થવા પૂર્વ સૈનિકના આશ્રીતને આપેલ પ્રમાણ પત્રની ચકાસણી અને પ્રતિસહી / સશસ્ત્ર દળોમાં ભરતી થવા પૂર્વ સૈનિકના આશ્રીતને પ્રમાણપત્ર આપવાની કાર્યવાહી | 1 | લાગુ પડતુ નથી | 1 | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૬ | ગુ.ઇ.બોર્ડ માંથી સિંચાઈ માટે પ્રાથમીકતાથી વીજ જોડાણ મેળવવા માટે પ્રમાણપત્ર આપવાની કાર્યવાહી | 1 | લાગુ પડતુ નથી | 1 | |
| ૭ | ગુ.હા.બોર્ડ દ્વારા બાંધવામાં આવેલ મકાન/ફ્લેટના અનામત કોટાની ફાળવણી માટે પ્રમાણપત્ર આપવાની કાર્યવાહી | 1 | લાગુ પડતુ નથી | 1 | |
| ૮ | કચેરીની મુલાકાતે આવતા પૂર્વ સૈનિક/સ્વ.પૂર્વ સૈનિકના ધર્મપત્નિ/તેઓના આશ્રીતોને સલાહ/માર્ગદર્શન આપવા બાબતની જનસંપર્ક કાર્યવાહી | 1 | 1 | 1 | |
| ૯ | લડાઈ/ઓપરેશન દરમ્યાન વીરતાભરી ફરજ બજાવતા શહીદ થયેલ કે ક્ષતીગ્રસ્ત થયેલ રાજ્યના સૈનિકોની/ તેઓના પરીજનની માનનીય મુખ્ય મંત્રીશ્રી જવાન રાહત ફંડમાંથી સહાય માટેની અરજી પર કાર્યવાહી | ૩ | ૭ | ૧૦ | 1. ગુહ વિભાગ ને સરકારશ્રીની મંજુરીની કાર્યવાહી માટે મોકલાશે. |
| ૧૦ | લડાઈ/ઓપરેશન દરમ્યાન વીરતા ભરી ફરજ બજાવતા શહીદ થયેલ કે ક્ષતી ગ્રસ્ત થયેલ રાજ્યના સૈનિકોની /તેઓના પરીજનની ગુજરાત સરકાર પાસેથી રહેમરાહે સહાય માટેની અરજી પર કાર્યવાહી | ૩ | ૭ | ૧૦ | |
| ૧૧ | પૂર્વ સૈનિક/સ્વ.પૂર્વ સૈનિકના ધર્મપત્નિની અંતીમક્રિયા માટે તેઓના આશ્રીતને સહાય આપવાની કાર્યવાહી | ૭* | લાગુ પડતુ નથી | ૭* | *1. અગર જિલ્લા સૈનિક અને પુનર્વસવાટ અધિકારી વડા મથકથી બહાર નહી હોય તો આ કાર્યવાહી એકજ દિવસમાં પુર્ણ કરાશે. અન્યથા નિયત સમયમાં કાર્યવાહી પુર્ણ કરી સહાય ની રકમ અરજદારના ખાતામાં જમા કરવામાં આવશે/પ્રમાણપત્ર અરજદાર ને રજીસ્ટર્ડ પોસ્ટથી મોકલવામાં |
| ૧૨ | સી.એસ.ડી. ડીપોમાંથી માંથી કંન્ટ્રોલ સામાનની ખરીદી પર વેચાણ વેરાની માફી બાબતનુ પ્રમાણપત્ર આપવાની કાર્યવાહી | ૭* | લાગુ પડતુ નથી | ૭* | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | | આવશે. |
| ૧૩ | સશસ્ત્ર સેનામાં છુટા કરાયેલ/ થયેલ સૈનિકની પગાર ભથ્થા પેટે બાકી રહેલ જમા રકમની ચુકવણીના કાગળો પર કાર્યવાહી | ૭ | લાગુ પડતુ નથી | ૭ | 1. સબંધીત રેકોર્ડ કચેરીને મોકલવામાં આવશે. |
| ૧૪ | સ્વ.પૂર્વ સૈનિકના ધર્મપત્નિ/આશ્રીતના ફેમીલી પેન્શનના કાગળોની ચકાસણી તથા પ્રતિસહી કરવાની કાર્યવાહી | ૭ | લાગુ પડતુ નથી | ૭ | |
| ૧૫ | પૂર્વ સૈનિકની ડીસ્ચાર્જ બુક/ડુપ્લીકેટ ડીસ્ચાર્જ બુક મેળવવા માટેની અરજી પરની કાર્યવાહી | ૧૦ | લાગુ પડતુ નથી | ૧૦ | |
| ૧૬ | પૂર્વ સૈનિકની ફરીયાદના નિવારણની કાર્યવાહી | ૧૦ | ૧૦ | ૧૦ | 1. સબંધીત વિભાગ / કચેરીને મોકલવામાં આવશે. |
| ૧૭ | સેવારત સૈનિકોના કલ્યાણ બાબતની અરજીઓ પરની કાર્યવાહી | ૧૦ | ૧૦ | ૧૦ | |
| ૧૮ | પૂર્વ સૈનિક/સ્વ.પૂર્વ સૈનિકના ધર્મપત્નિની/તેઓના આશ્રીતોના કલ્યાણ બાબતની અરજીઓ પરની કાર્યવાહી | ૧૦ | ૧૦ | ૧૦ | |
| ૧૯ | પૂર્વ સૈનિક/સ્વ.પૂર્વ સૈનિકના ધર્મપત્નિના સંતાનો માટે કેન્દ્રીય સૈનિક બોર્ડ તથા સશસ્ત્ર દળોની શિષ્યવૃતી માટેની અરજી પરની કાર્યવાહી | ૧૦ | લાગુ પડતુ નથી | ૧૦ | 1. સબંધીત હેડ કવાટર્સને મોકલવામાં આવશે. |
| ૨૦ | પૂર્વ સૈનિક/સ્વ.પૂર્વ સૈનિકના ધર્મપત્નિના સંતાનો માટે શૈક્ષણીક ફીના વળતર (વોર કન્સેશન માટેની ) અરજી પરની કાર્યવાહી | ૧૫ | લાગુ પડતુ નથી | ૧૫ | 1. સબંધીત જિલ્લા શિક્ષણાધીકારીશ્રીને મોકલવામાં આવશે. |
| ૨૧ | સહાય મંજુરી પત્ર અથવા સહાય ચેક ની પ્રાપ્તી બાદ સહાય ચુકવણીની કાર્યવાહી | ૧૫ | લાગુ પડતુ નથી | ૧૫ | 1. લાભાર્થીના બેન્ક ખાતાના મંજુર થયેલ રકમ જમા કરવામાં આવશે. |
| ૨૨ | પૂર્વ સૈનિક/સ્વ.પૂર્વ સૈનિકના ધર્મપત્નિની ઓઇલ પ્રોડકટ એજન્સી/પેટ્રોલ પંપ આઉટ લેટ/ ગેસ એજન્સી માટેની અરજીની ચકાસણી અને ભલામણ કરવાની કાર્યવાહી | ૧૫ | લાગુ પડતુ નથી | ૧૫ | 1. જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી દ્વારા ભલામણ સાથે કાગળો આગળની કાર્યવાહી માટે ડી.જી.આર. ને મોકલવામાં આવશે. |
| ૨૩ | સેનામાં રદ થયેલ વાહનની ફાળવણી માટેની પૂર્વ સૈનિક ની અરજી પરની કાર્યવાહી | ૧૫ | લાગુ પડતુ નથી | ૧૫ | |
| ૨૪ | લડાઈ/ઓપરેશન દરમ્યાન વીરતાભરી | ૨૧ | ૧૫ | ૩૬ | 1. ગૃહ વિભાગ ને સરકારશ્રીની |

ફરજ બજાવતા શહીદ થયેલ કે ક્ષતીગ્રસ્ત

| | | | | | |
|---|---|---|---|---|---|
| | થયેલ પર પ્રાન્તના સૈનિકોની /તેઓના પરીજનની માનનીય મુખ્ય મંત્રીશ્રી જવાન રાહ્ત ફંડમાંથી સહાય માટેની અરજી પર કાર્યવાહી | | | | |
| ૨૫ | લડાઈ/ઓપરેશન દરમ્યાન વીરતાભરી ફરજ બજાવતા શહીદ થયેલ કે ક્ષતી ગ્રસ્ત થયેલ પર પ્રાન્તના સૈનિકોની /તેઓના પરીજનની ગુજરાત સરકાર પાસેથી રહેમરાહે સહાય માટેની અરજી પર કાર્યવાહી | ૨૧ | ૧૫ | ૩૬ | મંજુરીની કાર્યવાહી માટે મોકલાશે. |
| ૨૬ | અન્ય સામાન્ય કક્ષાના (વીરતા ભરી ફરજ બજાવતા શહીદ થયેલ કે ક્ષતીગ્રસ્ત થયેલ સૈનિકોની કક્ષામાં ન આવે તેવા) ગુજરાત અને પર પ્રાન્તના પૂર્વ સૈનિક અથવા તેમના પરીજનની માનનીય મુખ્ય મંત્રીશ્રી જવાન રાહ્ત ફંડમાંથી સહાય માટેની અરજી પર કાર્યવાહી. | ૩૦ | ૧૫ | ૪૫ | |
| ૨૭ | પૂર્વ સૈનિક/સ્વ.પૂર્વ સૈનિકના ધર્મપત્નિના પોતાની માલીકી ના મકાન/જમીનને ખાલી કરવા નિયત કોર્ટમાં રજુ કરવા માટે એરીયા કમાન્ડરનુ પ્રમાણપત્ર મેળવવાની અરજી પરની કાર્યવાહી | ૩૦ | લાગુ પડતુ નથી | ૩૦ | 1. કાગળો સબંધીત સ્ટેશન હેડ કવાટર્સને નિર્ધારીત ચેનલ થી મંજુરી મેળવવા મોકલવામાં આવશે. |
| ૨૮ | પૂર્વ સૈનિકના કાયમી સરનામા ફેરબદલી થયાની તપાસ કરવાની કાર્યવાહી | ૩૦ | લાગુ પડતુ નથી | ૩૦ | 1. સબંધીત રેકોર્ડ કચેરીને મોકલવામાં આવશે. |
| ૨૯ | નિયત સમય પહેલા સેનામાંથી છુટા થવા બાબતની સેવારત સૈનિકની અરજી પર યુનીટ દ્વારા ખરાઈ અને તપાસ કરવાની મળેલ દરખાસ્ત પરની કાર્યવાહી | ૩૦ | લાગુ પડતુ નથી | ૩૦ | 1. સબંધીત યુનીટને મોકલવામાં આવશે. |
| ૩૦ | નિર્ધારીત કરેલ ગંભીર બીમારી માટે પેન્સન ન મેળવતા હોય તેવા પૂર્વ સૈનિક/સ્વ.પૂર્વ સૈનિકના ધર્મપત્નિ / આશ્રીતને કેન્દ્રીય સૈનિક બોર્ડની સહાય માટેની અરજી પરની કાર્યવાહી | ૩૦ | લાગુ પડતુ નથી | ૩૦ | જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી દ્વારા ભલામણ સાથે કાગળો આગળની કાર્યવાહી માટે કેન્દ્રીય સૈનિક બોર્ડને મોકલવામાં આવશે. |
| ૩૧ | નિર્ધારીત કરેલ ગંભીર બીમારીમાટે પેન્શન ન મેળવતા હોય તેવા પૂર્વ | ૩૦ | ૩૦ | ૬૦ | ૧.નિયામકશ્રી સૈનિક કલ્યાણ અને |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | સૈનિક/સ્વ.પૂર્વ સૈનિકના ધર્મપત્નિ / આશ્રીતને સારવાર ખર્ચ માટે કેન્દ્રીય સૈનિક બોર્ડથી સહાય મળી ગયા બાદ લંબાયેલ સારવારના વધારાના ખર્ચ માટે રાજ્ય સૈનિક બોર્ડથી સહાય મેળવવાની અરજી પરની કાર્યવાહી | | | | પુનર્વસવાટ દ્વારા સહાય મંજુર કરવામાં આવશે. |
| ૩૨ | જેમના તમામ પુત્ર/પુત્રી સશસ્ત્ર સેનામાં સેવારત હોય તેવા માતા-પિતાને યુધ્ધ જાગીરની અવેજીમાં રોકડ ભથ્થું મેળવવા માટેની અરજી પરની કાર્યવાહી | ૩૦ | ૬૦ | ૯૦ | 1. ગુહ વિભાગ ને સરકારશ્રીની મંજુરીની કાર્યવાહી માટે મોકલાશે. |
| ૩૩ | સ્ટેશન હેડકવાટર્સ દ્વારા પૂર્વ સૈનિક/સ્વ.પૂર્વસૈનિકના ધર્મ પત્નિને અપાતી સહાય મેળવવાની અરજી પરની કાર્ય વાહી | ૩૦ | લાગુ પડતુ નથી | ૩૦ | 1. સબંધીત સ્ટેશન હેડ કવાટર્સને મોકલવામાં આવશે. |
| ૩૪ | ગેલેન્ટ્રી/ડેકોરેશન એવોર્ડથી પુરસ્કૃત ગુજરાત રાજ્યના સૈનિકોની રોકડ ઇનામ મેળવવાની અરજી પરની કાર્ય વાહી | ૩૦ | ૩૦ | ૬૦ | 1. ગુહ વિભાગ ને સરકારશ્રીની મંજુરીની કાર્યવાહી માટે મોકલાશે. |
| ૩૫ | પૂર્વ સૈનિક/સ્વ.પૂર્વ સૈનિકના ધર્મપત્નિના/આશ્રીતને રાજ્ય સૈનિક બોર્ડ તરફથી અપાતી તમામ પ્રકારની માસીક સહાય મેળવવા માટેની અરજી પરની કાર્ય વાહી | ૩૦ | ૩૦ | ૬૦ | 1. નિયામકશ્રી સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ દ્વારા મંજુર કરવામાં આવશે. |
| ૩૬ | પૂર્વ સૈનિક/સ્વ.પૂર્વ સૈનિકના ધર્મપત્નિના દિકરીના લગ્ન માટે સહાય મેળવવા માટેની અરજી પરની કાર્યવાહી | ૩૦ | ૩૦ | ૬૦ | |
| ૩૭ | પૂર્વ સૈનિક/સ્વ.પૂર્વ સૈનિકના ધર્મપત્નિના સંતાનને રાજ્ય સૈનિક બોર્ડ તરફથી મળતી શિષ્યવૃત્તિ મેળવવા માટેની અરજી પરની કાર્યવાહી | ૩૦ | ૩૦ | ૬૦ | ૧.નિયામકશ્રી સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ દ્વારા મંજુર કરવામાં આવશે. |
| ૩૮ | પૂર્વ સૈનિક/સ્વ.પૂર્વસૈનિકના ધર્મપત્નિના/આશ્રીતને રક્ષામંત્રી અબાધીત ફંડમાંથી અપાતી તમામ પ્રકારની આર્થીક સહાય મેળવવા માટેની અરજી પરની કાર્ય વાહી | ૪૫ | લાગુ પડતુ નથી | ૪૫ | જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી દ્વારા ભલામણ સાથે કાગળો સહાયની મંજુરી માટે કેન્દ્રીય સૈનિક બોર્ડને મોકલવામાં આવશે. |
| ૩૯ | નિયામક કચેરીથી સ્કોલરશીપ સહાય | ૩૦ | લાગુ પડતુ | ૩૦ | 1. લાભાર્થીને બેન્ક |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | મંજુર થયાના હુકમ પ્રાપ્ત થયે સહાયની રકમ લાભાર્થીઓના બેંક ખાતામાં જમા કરવાની કાર્યવાહી | | નથી | | ખાતાના એકાઊન્ટમાં કોર બેંકીંગથી ચુકવણુ કરવાનુ રહેશે. |
| ૪૦ | પૂર્વ સૈનિકના રહેઠાણના સરનામાની ભાળ મેળવવા બાબતની કાર્યવાહી | ૪૫ | લાગુ પડતુ નથી | ૪૫ | 1. સબંધીત યુનીટ/રેકોર્ડ કચેરીને માહિતી મોકલવા માં આવશે. |
| ૪૧ | સ્વ.પૂર્વ સૈનિકના ધર્મપત્નિની / તેમના આશ્રીતની નોન આઇએસએફ ફેમીલી પેન્શન મેળવવાની અરજી પરની કાર્યવાહી | ૪૫ | ૧૫ | ૬૦ | 1. ગૃહ વિભાગ ને સરકારશ્રી ની ભલામણની સાથે સી.ડી .એ. (પેન્શન)ની મંજુરી મેળવવા માટે મોકલાવવા માં આવશે. |
| ૪૨ | સ્વ-રોજગાર યોજનાઓ નીચે લોન મેળવા પૂર્વ સૈનિક/ સ્વ.પૂર્વ સૈનિકના ધર્મપત્નિએ રજુ કરેલ અરજી/ પ્રોજેકટ રીપોર્ટ પરની કાર્યવાહી | ૬૦ | ૬૦ | ૧૨૦ | 1. લોન મંજુર કરવા અરજી /પ્રોજેકટ રીપોર્ટ સબંધીત બેન્ક/ ફાયનાન્સીયલ સંસ્થાને મોકલવામાં આવશે. |

**;વિશેષ નોંધ :**

**આ માહિતી પત્રીકાનુ સાહિત્ય આપને સૈનિક કલ્યાણને લગતી માહિતીથી અવગત કરાવવાનુ છે અને તેમાં સંકલીત કરાયેલા નિયમો, ઠરાવ અને હુકમોના અમલી કરણની જવાબદારી સરકારના સબંધીત વિભાગો અને ખાતાઓ અને તેઓની તાબાંની કચેરીઓની છે. સૈનિક કલ્યાણના સબંધીત વિષય પરની કાર્યવાહી જે-તે વિષય માટે અમલમાં રહેલા અસલ ઠરાવ, હુકમ કે નિયમોની જોગવાઇ મુજબ કરવામાં આવતી હોય છે. તેથી સંકલીત કરેલ માહિતીની આ પત્રીકાથી કોઇ કાનૂની હક્ક અથવા જવાબદારી ઉપસ્થિત થતી નથી. સંક્લીત માહિતીના ખરાપણા અંગે ઘટતી કાળજી લેવામાં આવેલ હોવા છતાં કોઇ શરતચૂક અથવા ટાઈપિંગની કોઈ ભૂલ જોવા મળે તો તે બાબતમાં અમારા ધ્યાને લાવવા વિનંતી છે.**